Ref. Ael.

જા.નં.:૪૬૪૮/૦૩

(G. P. V.)—41—3,00,000-7-99 Civ. A/8 G.
C. P. C. Schedule-I—Appendix B. No. 1]

~~ફેંસલાના ...~~ મુદા ઠરાવનો સમન્સ (ઓ. ૫. કા. ૧, ૫.) (ફાર્મ નં. ૧. પુરવણી બ શેડયુલ ૧).

ના.શ્રી બીજા જો. સીવીલ જજ (એસ.ડી.) સાહેબ ની કચેરી ભુજ-કચ્છ ના જજની કોર્ટમાં

મુકામ ભુજ-કચ્છ નં.

રે પે દીવાની મુકદમો નંબર ૫૬/૦૩ સને ૧૯

પટેલ અરજણ શામજી ભગત } વાદી ;

વિરૂધ્ધ

ખીમજી લખમશી લીંબાણી વિ.૨ } પ્રતિવાદી.

રહેનાર તાને,

પ્રતિ.
૧ ખીમજી લખમશી લીંબાણી
દાવા ગ્રા.
c/o કે.ડી. પટેલ
એન્ડ કો.૮વાય.સો.આઇ.
ડાઇમન્ડ
...રે રોડ
શાહપુર
પો.ઓ.
બહાલ
કલકત્તા
પીન:૭૦૦૦ ૩૮

માલુમ થાય જે— વાદીએ

તમારા ઉપર આ સાથે દાવા અરજી ની નકલ સાથે છે. એણે બદલ ફરિયાદ કરી છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, તારીખ ૧૧ માહે ૧૧/૯/૦૩ સને ૧૯ ને રોજ ૧૦ : ૩૦ કલાકે સદરહુ ફરિયાદનો જવાબ આપવા સારૂ આ કોર્ટમાં તમારી જાતે અથવા કોર્યના જે પ્લીડરને તમારી હકીકત બરાબર સમજાવી હોય તથા જે એ ફરિયાદના સઘળા જરૂરી સવાલના જવાબ દઈ શકે તેવા પ્લીડરની મારફત, અથવા તેવા બધા સવાલના જવાબ દઈ શકે એવા કોઈ બીજા શખ્સને તે પ્લીડરની સાથે રાખીને, તે પ્લીડરની મારફતે હાજર થવું, અને તમારે હાજર થવાનો જે દિવસ મુકરર કર્યો છે તે એ મુકદમાનો આખરનો નિકાલ કરવા સારૂ ઠરાવેલો છે માટે તે દિવસે તમારે તમારા સઘળા સાક્ષીઓ તથા લેખીત પુરાવા જેના ઉપર તમે તમારા બચાવનો આધાર રાખતા હો તે હાજર કરવાને તૈયાર થઈ રહેવું.

અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલ દિવસે તમે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં એ ફરિયાદ સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

વળી તમને એવી નોટીસ આપવામાં આવે છે કે નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલાં બજાવણી માટે પત્તો લખવાની તમે કસૂર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહિ.

મુદત તારીખ: ૧૧/૯/૨૦૦૩

આજ તારીખ ૨૬ માહે ૮ સને ૨૦૦૩ ને રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

મારફત —

જજ.

બેલીફ તરફ :— Ref Ael

કલાર્ક ઓફ ધી કોર્ટ

REGISTRAR
Senior Division Court
Bhuj - Kachchh.

તારીખ :— ૨૮/૮/૦૩

સૂચના-૧. તમારા સાક્ષીઓ પોતાની મેળે હાજર નહિ રહે એમ તમને દહેશત હોય તો, કોર્ટને અરજ કરશે અને ખર્ચની જરૂરી રકમ અનામત મૂકશો એટલે કોઈપણ સાક્ષીને હાજર રહેવાની ફરજ પાડવા સારૂ અથવા જે દસ્તાવેજ સાક્ષી પાસે હાજર કરાવવાને તમને હક્ક છે તે દસ્તાવેજ હાજર કરવાની ફરજ પાડવા સારૂ આ કોર્ટમાંથી તમને સમન્સ મળશે.



૨. વાદીની માગણી તમારે કબૂલ હોય તો, હુકમનામાની બજાવણી તમારી જાત ઉપર અથવા મિલકત ઉપર અથવા બંને ઉપર થવાનો સંભવ છે તે ટાળવાને ફરિયાદના ખર્ચ સુધ્ધાંત તે પૈસા તમારે કોર્ટમાં ભરવા.



Real Patidar Library

About Real Patidar books

Ref. Ael.

ઓ.નં.૪૬૪૮/૦૩

(G. P. V.)—41—3,00,000-7-99
C. P. C. Schedule-I—Appendix B. No. 1]

Civ. A/8 G.

મુદા ઠરાવનો — ના.શ્રી બોજા જો. સોવોલ જજ (એસ.ડી.) સાહેબ ની કચેરી ભુજ-કચ્છ ના જજની કોર્ટમાં

સમન્સ (ઓ. ૫. કા. ૧, ૫.) (ફાર્મ નં. ૧. પુરવણી બ શેડયુલ ૧).

મુકામ ભુજ-કચ્છ નં.

રે પે દીવાની મુકદમો નંબર ૫૬/૦૩ સને ૧૯

પ્રતિ.
૧ ખીમજી લખમશી લીંબાણી
C/o કે.ડી. પટેલ
એન્ડ કો.ટવાય.સી.આઇ.
ડાઇમન્ડ
...ટેર રોડ
શાહપુર
પો.ઓ.
બહાલ
કલકતા
પીન:૭૦૦૦ ૩૮

પટેલ અરજણ શામજી ભગત } વાદી ;

દાવા ૨ા.

વિરૂધ્ધ

ખીમજી લખમશી લીંબાણી વિ.૨ } પ્રતિવાદી.

રહેનાર નાને,

માલમ થાય જે— વાદીએ

તમારા ઉપર આ સાથે દાવા અરજી ની નકલ સાથે છે. એણે બદલ ફરિયાદ કરી છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, તારીખ ૧૫ માહે ૧૧/૯/૦૩ સને ૧૯ ને રોજ ૧૦ : ૩૦ કલાકે સદરહુ ફરિયાદનો જવાબ આપવા સારૂ આ કોર્ટમાં તમારી જાતે અથવા કોર્ટના જે પ્લીડરને તમારી હકીકત બરાબર સમજાવી હોય તથા જે એ ફરિયાદના સઘળા જરૂરી સવાલના જવાબ દઈ શકે તેવા પ્લીડરની મારફત, અથવા તેવા બધા સવાલના જવાબ દઈ શકે એવા કોઈ બીજા શખ્સને તે પ્લીડરની સાથે રાખીને, તે પ્લીડરની મારફતે હાજર થવું, અને તમારે હાજર થવાનો જે દિવસ મુકરર કર્યો છે તે એ મુકદમાનો આખરનો નિકાલ કરવા સારૂ ઠરાવેલો છે માટે તે દિવસે તમારે તમારા સઘળા સાક્ષીઓ તથા લેખીત પુરાવા જેના ઉપર તમે તમારા બચાવનો આધાર રાખતા હો તે હાજર કરવાને તૈયાર થઈ રહેવું.

અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલ દિવસે તમે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં એ ફરિયાદ સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

વળી તમને એવી નોટીસ આપવામાં આવે છે કે નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલાં બજાવણી માટે પત્તો લખવાની તમે કસૂર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહિ.

મુદત તારીખ: ૧૧/૯/૨૦૦૩

આજ તારીખ ૨૬ માહે ૮ સને ૨૦૦૩ ને રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

મારફત —

જજ.

બેલીફ તરફ :— Ref Ael

કલાર્ક ઓફ ધી કોર્ટ

REGISTRAR
Senior Division Court
Bhuj - Kachchh.

તારીખ :— ૨૮/૮/૦૩



સૂચના-૧. તમારા સાક્ષીઓ પોતાની મેળે હાજર નહિ રહે એમ તમને દહેશત હોય તો, કોર્ટને અરજ કરશે અને ખર્ચની જરૂરી રકમ અનામત મૂકશો એટલે કોઈપણ સાક્ષીને હાજર રહેવાની ફરજ પાડવા સારૂ અથવા જે દસ્તાવેજ સાક્ષી પાસે હાજર કરાવવાને તમને હક્ક છે તે દસ્તાવેજ હાજર કરવાની ફરજ પાડવા સારૂ આ કોર્ટમાંથી તમને સમન્સ મળશે.

૨. વાદીની માંગણી તમારે કબૂલ હોય તો, હુકમનામાની બજાવણી તમારી જાત ઉપર અથવા મિલકત ઉપર અથવા બંને ઉપર થવાનો સંભવ છે તે ટાળવાને ફરિયાદના ખર્ચ સુધ્ધાંત તે પૈસા તમારે કોર્ટમાં ભરવા.

Kishorchandra R. Buch
B.A. LL.B.
Darshak K. Buch
B.A.(Sp.) LL.B. (Sp.)
Mrs. Smita D. Buch
B.Com. LL.B. (Sp.)

કિશોરચંદ્ર આર. બુચ
બી. એ. એલએલ.બી.
દર્શક કે. બુચ
બી.એ. (સ્પે.) એલએલ બી. (સ્પે)
શ્રીમતિ સ્મિતા ડી. બુચ
બી. કોમ. એલએલ. બી. (સ્પે)



ADVOCATES GUJARAT HIGH COURT
એડવોકેટ્સ ગુજરાત હાઈ કોર્ટ
Resi. & Office : "NINAD" 16, Orient Colony, Bhuj - Kutch.
નિવાસ સ્થાન તથા ઓફિસ : નિનાદ ૧૬, ઓરીએન્ટ કોલોની ભુજ - કચ્છ.

REf. No. : **REGD. A. D./U.P.C.** **Date :** ૧૮/૯/૨૦૦૨

પ્રતિ,

(૧) ખીમજીભાઇ લખમશી લીંબાણી

(૨) વેલજી ઉર્ફે અરવિંદ કરશન લીંબાણી

ગામ : કોટડા જડોદર તા. નખત્રાણા-કચ્છ.

આથી અમારા અસીલ પટેલ અરજણભાઇ શામજી ભગતમિ રહે. ગામ : આણંદસર તાલુકો ભુજવાળાની અમોને મળેલ સુચના અન્વયે આથી તમોને નીચે પ્રમાણે નોટીશ આપવામા આવે છે.

૧) અમારા અસીલ શ્રી અરજણભાઇ શામજી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં આજીવન સભ્ય છે અને આ સભ્યપદ ઉપર તેઓ આજ આશરે છેલ્લા આઠેક વરસથી કાર્યરત છે. અમારા અસીલ શ્રી અરજણભાઇ શામજીએ એ કચ્છ કડવા પાટીદાર સમાજના અગ્રેસર, માન મોભો ધરાવતા માનનીય સભ્ય છે અને સમગ્ર સમાજમાં તેની આબરૂ અને પ્રતિષ્ઠા ઘણી ઉંચી અને સારી છે. સમાજના અનેક કામોમાં તેઓ હરહંમેશ એક સેવાભાવી સંનિષ્ઠ સૈનિક-સેવક તરીકે કામ કરતા આવ્યા છે. ઉપરાંત અમારા અસીલ શ્રી અરજણભાઇ શામજી એ કચ્છ કડવા પાટીદાર સતપંથ સેવા સમિતિના ઉપપ્રમુખ પદે છે તેમજ આણંદસર ગ્રામ્ય વિકાસ મંડળનાં પ્રમુખપદે પણ છે, તેમજ આણંદસર ગ્રામ્ય વાડી મંડળનાં પ્રમુખપદે પણ છે. આણંદસર જુથ ગ્રામ પંચાયતનાં ચુંટાયેલા ઉપસરપંચ પણ છે. આણંદસર જળ સંચય સમિતિના પ્રમુખ પણ છે. અને તે રીતે અમારા અસીલ એ અનેક બીજી સંસ્થાઓમાં પણ સંકળાયેલા છે અને તેઓ તે રીતે સમાજમાં સારી આબરૂ ધરાવતી વ્યક્તિ છે. અને અમારા અસીલ તે રીતે સમાજ અને અન્ય જગ્યાએ પણ સામાજીક કાર્યો પણ કરે છે.

૨) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ એ કાયદેસરની કાયદા હેઠળ કામ કરતી સંસ્થા છે અને તેનું કાયદેસરનું બંધારણ પણ અમલમાં છે. આવી બંધારણીય કાયદેસરની કાર્યવાહી કરતી સંસ્થાના તમો પૈકી નં.૧ વાળા શ્રી ખીમજીભાઇ પ્રમુખ હતા અને નં. ૨ વાળા હાલ ટ્રસ્ટી અને હાલની કારોબારીનાં સભ્ય છો.

૩) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની એક જનરલ સભા

Kishorchandra R. Buch
B.A. LL.B.
Darshak K. Buch
B.A.(Sp.) LL.B. (Sp.)
Mrs. Smita D. Buch
B.Com. LL.B. (Sp.)



54448

કિશોરચંદ્ર આર. બુચ
બી. એ. એલએલ.બી.
દર્શક કે. બુચ
બી.એ. (સ્પે.) એલએલ બી. (સ્પે)
શ્રીમતિ સ્મિતા ડી. બુચ
બી. કોમ. એલએલ. બી. (સ્પે)

ADVOCATES GUJARAT HIGH COURT
Resi. & Office : "NINAD" 16, Orient Colony, Bhuj - Kutch.

એડવોકેટ્સ ગુજરાત હાઇ કોર્ટ
નિવાસ સ્થાન તથા ઓફિસ : નિનાદ ૧૬, ઓરીએન્ટ કોલોની ભુજ - કચ્છ.

REf. No. : **REGD. A. D./U.P.C.** **Date :**

તા. ૨૫/૮/૨૦૦૨ નાં રોજ પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા-કચ્છ મધ્યે બપોરના ૩-૦૦ વાગે મળેલ. આ સભામાં કડવા પાટીદાર સમાજના સભ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી. અમારા અસીલ પણ આ સભામાં બપોરનાં ૩-૦૦ વાગે હાજર હતા. સભાની તમામ કાર્યવાહીમાં હાજરી સાથે સહકાર આપ્યો અને રાબેતા મુજબ પ્રમુખ તરીકે માનનીય શ્રી વાલજીભાઇ શીવજી વાડીયા નામની દરખાસ્ત આવતાં અમારા અસીલને સમાજની પ્રમુખની જગ્યા માટે એક સજ્જન, સમજદાર વ્યકિતને નિયુકિત કરી અને સુકાન સોંપાય તે હકીકતને માટે શ્રી વાલજીભાઇનાં પ્રમુખસ્થાનનાં નામની દરખાસ્તને અમારા અસીલે ટેકો આપ્યો. અને અનેક અન્ય ટેકા આવ્યા અને પ્રથમ સત્ર પ્રેમ, આનંદ અને ઉલ્લાસ સાથે સંપન્ન થયું અને રીશેષ પાડવા માટે જાહેરાત થઇ.

૪) આ સભાનું બીજુંx સત્ર ૧૫ થી ૨૦ મિનિટ બાદ ફરીને શરૂ થયું અને અગાઉનો કોઇ એજન્ડાનો ભાગ અધુરો રહેલ ન હોવા છતાં એકદમ મોટે અવાજે ઉશ્કેરાટમાં અપમાનજનક ધાટા સાથે તમો પૈકી નં.૧ વાળા શ્રી ખીમજીભાઇએ જાહેરાત કરી કે '' અરજણ શામજી ભગતે જે ટેકો આપેલ છે તે રદ જાહેર કરું છું અને આદેશ આપું છું કે સભામાં અરજણ શામજી બેઠા હોય ત્યાંથી ચાલ્યા જાય ''. એટલું જ નહિં પરંતુ ત્યારબાદ ગુનાહિત જાહેરાત કરી કે '' પાટીદાર સમાજની કોઇ વ્યકિત કે સભ્યોએ અરજણ શામજી ભગત સાથે સામાજીક વ્યવહાર કરવો નહિં ''. સમાજની આ જાહેર સભા વચ્ચે વિના કારણે કોઇ પણ જાતની તક આપ્યા વગર કે નોટીસ આપ્યા વગર આજીવન સભ્યનાં હકકને છીનવવાનો કોઇ અધિકાર તમોને ન હતો તેમ અમારા અસીલનાં સભ્યપદને રદ કરવાની જાહેરાત કરી તે તમારું પગલું બીનઅધિકૃત શિસ્ત વગરનું અને સંસ્કારી સમાજનાં પ્રમુખ તરીકે હાથમાં કાયદો લઇ બંધારણ વિરુધ્ધનું એક ઝાટકે કોઇનાં હકકને નુકશાન કર્યું હતું તે સ્પષ્ટ છે. તમોને આ રીતે બંધારણ વિરુધ્ધ એકઝાટકે સભ્યપદ રદ કરવાનો અધિકાર નથી તેમછતાં તમોએ આ અપમાનજનક વલણ દાખવ્યું અને જનમેદની વચ્ચે અમારા અસીલને સભામાંથી બહાર જવા આદેશ આપ્યો અને તેમાં ગામ કોટડા (જડોદર) નાં વેલજી કરશન વિગેરે ઉશ્કેરાઇને ધકકા મુકી કરી અપમાનજનક રીતે સમાજના સંકુલમાંથી હડસેલી અને બહાર કાઢી મુકવામાં આવેલ છે. ઉપસ્થિત સમાજ વચ્ચે હડધુત કરી અપમાનજનક વર્તાવ

Kishorchandra R. Buch
B.A. LL.B.
Darshak K. Buch
B.A.(Sp.) LL.B. (Sp.)
Mrs. Smita D. Buch
B.Com. LL.B. (Sp.)



54448

કિશોરચંદ્ર આર. બુચ
બી. એ. એલએલ.બી.
દર્શક કે. બુચ
બી.એ. (સ્પે.) એલએલ બી. (સ્પે)
શ્રીમતિ સ્મિતા ડી. બુચ
બી. કોમ. એલએલ. બી. (સ્પે)

ADVOCATES GUJARAT HIGH COURT
Resi. & Office : "NINAD" 16, Orient Colony, Bhuj - Kutch.

એડવોકેટસ ગુજરાત હાઇ કોર્ટ
નિવાસ સ્થાન તથા ઓફિસ : નિનાદ ૧૬, ઓરીએન્ટ કોલોની ભુજ - કચ્છ.

REf. No. : **REGD. A. D./U.P.C.** **Date :**

કરી સ્પષ્ટપણે નુકશાન પહોંચાડેલ છે. આ વખતે જેનું જીવન સત્યનાં માર્ગે અને સમાજનાં સદકાર્યોમાં સતત: પરોવાયેલા છે તેવા શ્રી વાલજીભાઈ વાડીયા, ડો. વી.એચ.પટેલ તથા અન્ય મુરબ્બીઓ અને આગેવાનોની હાજરીમાં આ કૃત્ય તમોએ કર્યું છે.

૫) હાલે ભુજ તાલુકાનાં ગામ આણંદસર મુકામે હોસ્પિટલનું કામ ચાલુ છે, જે સાર્વજનીક કાર્ય માટે ફંડ ફાળો પણ કરવાનો છે અને અમારા અસીલ આ સાર્વજનીક લોકોપયોગી કાર્યના પ્રમુખ છે. પરંતુ સમાજમાં ઉપરોક્ત બનાવ બની જતા અમારી અસીલને આબરૂને ધકકો લાગેલ છે અને તેથી આ કાર્યમાં ફંડ લેવા જવા અમારા અસીલને સાથે રાખવા રાખવામાં નારાજ છે. તેમજ અમારા અસીલને તેના રોજબરોજના વ્યવહારમાં ખુબજ ધકકો પહોંચેલ છે. તેમ અમારા અસીલને સગા સબંધી, કુટુંબ, મિત્ર વર્તુળ ધંધાના ક્ષેત્રમાં તમોએ કરેલ અમારા અસીલની જાહેર આબરૂ હાનીને કારણે ખુબજ સહન કરવું પડ્યું છે. પરીણામે અમારે અસીલની માનસિક આર્થિક સામાજીક કૌટુંમ્બીક ક્ષેત્રે ખુબજ માઠી અસર તમારા અપમાનજનક કૃત્યનાં કારણે પડી છે.

૬) અમારા અસીલે નવા વરાયેલ પ્રમુખશ્રી ને ટેલીફોનથી વાકેફ કર્યા, તેઓએ જણાવ્યું કે, હું કચ્છમાં આવી અને આ પ્રશ્ને નિરાકરણ લાવું છું. પરંતુ નવા વરાયેલ પ્રમુખશ્રી વાલજીભાઈ વાડીયા કચ્છ આવ્યા, પરંતુ અમારા અસીલને મળવા દરકાર પણ કરી નથી. આથી નાછુટકે ન્જી. એ.ડી.ચી પ્રમુખશ્રી, તથા કારોબારીનાં સભ્યશ્રીઓને અમારા અસીલે એક પત્ર લખી તમામ હકીકતથી વાકેફ કરેલ છે તેનો પણ કોઈ ખુલાસો પ્રતિભાવ આપવામાં આવેલ નથી.

૭) આ જે ગંભીર બનાવ, અપમાનજનક વર્તાવ અમારા અસીલ તરફ દાખવવામાં આવેલ છે તેની દુ:ખ વ્યક્ત કરતો ' જાહેર ખુલાસો ' આગેવાનોએ તા. ૨૯/૮/૨૦૦૨ ના રોજનાં કચ્છમિત્રમાં બહાર પાડેલ છે. એટલું જ નહીં પરંતુ '' પાટીદાર સૌરભ '' જે પાટીદાર સમાજનું એક આગળ પડતું સામાયીક છે તેણે પણ આ ઘટનાની ગંભીર નોંધ તેના સપ્ટેમ્બર ૨૦૦૨ ના અંકનાં પાના નં. ૮ ઉપર લીધી છે. અમારા અસીલની લાગણીને ખુબજ ઠેસ પહોંચેલ છે.

Kishorechandra R. Buch
B.A. LL.B.
Darshak K. Buch
B.A.(Sp.) LL.B. (Sp.)
Mrs. Smita D. Buch
B.Com. LL.B. (Sp.)



☎ 54448

કિશોરચંદ્ર આર. બુચ
બી. એ. એલએલ.બી.
દર્શક કે. બુચ
બી.એ. (સ્પે.) એલએલ બી. (સ્પે)
શ્રીમતિ સ્મિતા ડી. બુચ
બી. કોમ. એલએલ. બી. (સ્પે)

ADVOCATES GUJARAT HIGH COURT
એડવોકેટ્સ ગુજરાત હાઇ કોર્ટ
Resi. & Office : "NINAD" 16, Orient Colony, Bhuj - Kutch.
નિવાસ સ્થાન તથા ઓફિસ : નિનાદ ૧૬, ઓરીએન્ટ કોલોની ભુજ - કચ્છ.

REf. No. : **REGD. A. D./U.P.C.** **Date :**

:: ૪ ::

૮) આથી આ નોટીશ ધ્વારા તમોને જાણ કરવામાં આવે છે કે , આ નોટીશ મળ્યેથી દિવસ ૮ ની અંદર તમો બંને જણાએ અમારા અસીલ સાથે જે આબરૂહાની કર્યું તથા સમાજમાં અમારા અસીલને હલકા પાડવાના હેતુવાળું કૃત્ય કરેલ છે તે બદલ જાહેર માફી માંગશો અને જે ગેરકાયદેશર રીતે પ્રમુખશ્રીની તરફેણમાં અમારા અસીલે ટેકો આપેલ છે તે રદ કર્યો છે, તે રદ કરી ટેકો પુનઃસ્થાપિત કરશો અને જે મીનીટમાં અમારા અસીલનું સભ્યપદ રદ કર્યું હોય તેની તથા તા. ૨૫/૮/૨૦૦૨ ની જનરલ સભાની મીનીટ બુકની નોંધની નકલ અમારા અસીલનાં ખર્ચે પુરી પાડશો. જો તેમ કરવામાં તમો બંને જણા કોઇ ઢીલ કે કસુર કરશો તો સમય વીત્યે અમારા અસીલ તમારી સામે ફોજદારી રાહે તથા વળતરનો દાવો યોગ્ય અદાલતોમાં કરશે અને જો તેને તેમ કરવાની ફરજ પડશે તો તેને લગતા થતા તમામ જાતનાં ખર્ચા જેવા કે કોર્ટ ફી, વકીલાત ~~ફી~~ ખર્ચ અને અન્ય જે કાંઇ પણ પરીણામો આવશે તેની સર્વે જાતની જવાબદારી તમારા શીર રહેશે જેની આથી સ્પષ્ટ નોંધ લેશો.

૯) આ નોટીશ સ્પષ્ટ રીતે અમારા અસીલને તમારી કસુરનાં કારણે કરવાની ફરજ પડી છે. તેથી આ નોટીશનાં ખર્ચ ફીનાં રૂા. ૨૦૦૦/- (બે હજાર) પણ આ નોટીશ મળેથી અમારા અસીલને પહોંચતા કરશો.

[handwritten, illegible]

[signature]
(કિશોરચંદ્ર આર. બુચ) એડ
તે પટેલ અરજણભાઇ શામજી ભગત
રહે. આણંદસર તાલુકો ભુજ-કચ્છનાં
<u>એડવોકેટ</u>

<u>નકલ રવાના :-</u>

૧) શ્રી વાલજીભાઇ શીવજી વાડીયા
પ્રમુખશ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - જામનગર.

૨) ડો. શ્રી વાલજીભાઇ એચ. શાંખલા
ટ્રસ્ટી , અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, ભુજ-કચ્છ.

૩) શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના મંત્રીશ્રી તથા હોદેદારો નખત્રાણા-કચ્છ.

Kishorchandra R. Buch
B.A. LL.B.
Darshak K. Buch
B.A.(Sp.) LL.B. (Sp.)
Mrs. Smita D. Buch
B.Com. LL.B. (Sp.)



✆ 54448

કિશોરચંદ્ર આર. બુચ
બી. એ. એલએલ.બી.
દર્શક કે. બુચ
બી.એ. (સ્પે.) એલએલ બી. (સ્પે)
શ્રીમતિ સ્મિતા ડી. બુચ
બી. કોમ. એલએલ. બી. (સ્પે)

ADVOCATES GUJARAT HIGH COURT
Resi. & Office : "NINAD" 16, Orient Colony,
Bhuj - Kutch.

એડવોકેટસ ગુજરાત હાઇ કોર્ટ
નિવાસ સ્થાન તથા ઓફિસ : નિનાદ ૧૬, ઓરીએન્ટ કોલોની
ભુજ - કચ્છ.

REf. No. :

REGD. A. D./~~U.P.C.~~

Date : ૪/૩/૨૦૦૩

પ્રતિ,
શ્રી ખીમજીભાઈ લખમશી લીંબાણી,
માજી પ્રમુખ,
શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,
રહે. કલકત્તા.

આથી અમારા અસીલ પટેલ અરજણભાઈ શામજી ભગત ગામ આણંદસર તાલુકો લખપતની અમોને મળેલ સુચના અન્વયે આથી તમોને નીચે પ્રમાણે એક વિશેષ તક મળી રહે તેવા હેતુસર એક વિશેષ નોટીશ આપવામાં આવે છે.

૧) અમારા અસીલે આગાઉ તા. ૧૮/૯/૨૦૦૨ ના રોજ બાય રજી. એ.ડી. પોસ્ટથી નોટીશ કરેલી, જે નોટીશ તમને મળેલી છે. સદરહુ તા. ૧૮/૯/૨૦૦૨ વાળી નોટીસમાં અમારા અસીલે અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની એક જનરલ સભા જે તા. ૨૫/૮/૨૦૦૨ નારોજ પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા-કચ્છ, મુકામે બપોરે ૩-૦૦ કલાકે મળેલી. આ સભા જે તે સમયે તમારા પ્રમુખપદે મળેલી. આ સભામાં શ્રી લાલજીભાઈ શીવજી વાડીયાના નામની પ્રમુખ તરીકે દરખાસ્ત મુકવામાં આવી. એક સજ્જન સમજદાર વ્યકિતને નીમી સમાજનું સુકાન સોંપાય તે હકીકતે સમર્થન આપતા આ દરખાસ્તને અમારા અસીલે ટેકો આપ્યો, પ્રથમ સત્ર આનંદ ઉલ્લાસ સાથે સંપન થયું.

૨) પરંતુ આગાઉના કોઈ એજન્ડાનો ભાગ અધુરો રહેલ ન હોવા છતાં પણ એકદમ મોટા અવાજે ઉશ્કેરાટમાં અપમાનજનક પાટા સાથે તમોએ જાહેરમાં અપમાન કરી અમારા અસીલને નીચા પાડવા બદનામ કરવા કર્યું, આ તમામ હકીકતનું વર્ણન વિગતવાર અમારા અસીલે તેની તા. ૧૮/૯/૨૦૦૨ ની નોટીશમાં વિગતવાર રીતે જણાવેલ છે. સદરહુ નોટીશના પારા ૮ માં અમારા અસીલે સ્પષ્ટ જણાવેલ છે કે આ નોટીશ મળ્યેથી દિવસ ૮ માં તમોએ અમારા અસીલ સાથે જે આબરૂ હાની પુર્વકનું વર્તન કર્યું છે તે માટે જાહેર માફી માંગવા અને ગેરકાયદેસર રીતે પ્રમુખશ્રીની તરફેણમાં અમારા અસીલે જે ટેકો આપેલ છે તે રદ કર્યો છે અને અમારા અસીલે નોટીશમાં જણાવેલ છે અને માંગણી કરી છે કે તા. ૨૫/૮/૨૦૦૨ ની બેઠકની મીનીટસમાં અમારા અસીલનું સભ્યપદ રદ કર્યું હોય તેના તેમજ તેને લગતી તમામ કાર્યવહીની મીનીટસ બુકની નોંધની ખરીનકલ અમારા અસીલના ખર્ચે પુરી પાડશો. શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ એ જાહેર સંસ્થા છે અને અમારા અસીલએ તેના કાયદેસરના સભ્ય હોઈ તેની સામે જે વર્તણુંક થયેલ છે તેની

Kishorchandra R. Buch
B.A. LL.B.
Darshak K. Buch
B.A.(Sp.) LL.B. (Sp.)
Mrs. Smita D. Buch
B.Com. LL.B. (Sp.)



✆ 54448

કિશોરચંદ્ર આર. બુચ
બી. એ. એલએલ.બી.
દર્શક કે. બુચ
બી.એ. (સ્પે.) એલએલ બી. (સ્પે)
શ્રીમતિ સ્મિતા ડી. બુચ
બી. કોમ. એલએલ. બી. (સ્પે)

ADVOCATES GUJARAT HIGH COURT
Resi. & Office : "NINAD" 16, Orient Colony, Bhuj - Kutch.

એડવોકેટ્સ ગુજરાત હાઇ કોર્ટ
નિવાસ સ્થાન તથા ઓફિસ : નિનાદ ૧૬, ઓરીએન્ટ કોલોની ભુજ - કચ્છ.

REf. No. : REGD. A. D./U.P.C. Date : ____________

થયેલ છે તેની નોંધની ખરીનકલો મેળવવા તેમનો અધિકાર છે. આવા અગત્યના દસ્તાવેજી આધારો અમારા અસીલને પુરા ન પાડી જે રીતે સમયગત કરવામાં આવે છે તે યોગ્ય નથી અને સમસ્ત સમાજના સંપ અને એકતાને સ્પષ્ટપણે હાનીકર્તા છે.

૩) આથી આ નોટીશથી તમોને જાણ કરવામાં આવે છે કે, આ નોટીશ મળ્યેથી દિવસ ૪ માં અમારા અસીલની માંગણી પ્રમાણેના દસ્તાવેજી આધારોની નકલો પુરી પાડશો, કારણ કે તે દિવસે સભાના પ્રમુખ તરીકેની મીનીટસની જવાબદારી તમામ રીતે તમારી થાય છે. જો તેમ કરવામાં તમો નિષ્ફળ જાશો તો તમારી આ જાતની નિષ્ફળતા સબંધે નામદાર ચેરીટી કમીશ્નર સમક્ષ તથા અન્ય સતા સમક્ષ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને તથા આજ તા. ૧૮/૯/૨૦૦૨ ની નોટીશમાં જણાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ફરજ પડશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

મારી સુચનાથી ~~[signature]~~

(પટેલ અરજણભાઈ શામજીભાઈ ભગત)

VKRBuch
(કે. આર. બુચ)
તે પટેલ અરજણભાઈ શામજીભાઈ ભગત, ગામ : આણંદસર તાલુકો ભુજ-કચ્છના એડવોકેટ

<u>નકલ રવાને :-</u>

૧) શ્રી વાલજીભાઈ શીવજી વાડીયા
પ્રમુખશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ- જામનગર.
૨) ડો. શ્રી વાલજીભાઈ એચ. શાંખલા
ટ્રસ્ટીશ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, ભુજ-કચ્છ.
૩) શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં મંત્રીશ્રી તથા હોદેદારો
જોગ - ઠે. પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા-કચ્છ.

તમોને અમારા અસીલે કરેલ તા. ૧૮/૯/૨૦૦૨ ની નોટીસ મળી છે. આ નોટીશમાં તથા સદરહુ તા. ૧૮/૯/૨૦૦૨ ની નોટીશમાં પારા ૮ માં જણાવી હકીકતેના દસ્તાવેજી આધારોની નકલ તાત્કાલીક પુરી પાડવા માટે યોગ્ય તજવીજ કરશો.

દાવા અરજી

નામદાર શ્રી સીવીલ જજ (સીનીયર ડીવીઝન) સાહેબની કોર્ટમાં, ભુજ-કચ્છ.

સ્પેશીયલ દિવાની દાવા નં. ૦૩

પટેલ અરજણભાઈ શામજી ભગત,
ઉ.વ. ૫૭ , ધંધો : ખેતી,
રહે. ગામ : ચાણુંદસર તા. ભુજ-કચ્છ. ... વાદી

વિરુધ્ધ

૧) ખીમજીભાઈ લખમશી લીંબાણી,
ઉ.વ. ૫૮ , ધંધો : વેપાર,
રહે. મુળ નખત્રાણા-કચ્છ.
હાલે કલકત્તા.

૨) વેલજીભાઈ ઉર્ફે અરવિન્દ કરશન લીંબાણી
ઉ.વ. ૫૮ , ધંધો :- ખેતી
રહે. ગામ : કોટડા(જડોદર)
તાલુકો નખત્રાણા-કચ્છ. ... પ્રતિવાદીઓ

બાબત :- પ્રતિવાદીઓએ વાદીનુ અપમાન કરી, માનહાની કરી, સામાજીક બહિષ્કાર થાય તે પ્રમાણે જાહેરમાં વર્તણુંક કરી, આબરૂહાની કર્યા, થયેલ આબરૂહાની/માનહાની અને વળતર મળવા બાબત..

સવિનય, વાદી પક્ષે માનસર અરજ કે, આ કામે વાદીનાં દાવાની ટુંક હાલની માનસર હકીકત નીચે પ્રમાણે છે, જે પરત્વે નેક લક્ષ આપવા માટે વિનંતી છે.

૧) આ કામના વાદી પોતે ભુજ તાલુકાના ગામ : ચાણુંદસર મુકામે રહી, ખેતીનો વ્યવસાય કરે છે. વાદી પોતાનું બહોળું કુટુંબ ધરાવે છે. તેમજ વાદીનો મોટો સ્નેહીવર્ગ સંબંધીવર્ગ / મિત્ર વર્તુળ કચ્છભરમાંતેમજ કચ્છથી બહાર ભારતમાં પણ સમાજના જુદા જુદા સ્તરનાં વર્ગનાં લોકોનો છે તથા સમાજમાં આ વાદી ઉંડા મુળ ધરાવે છે અને આબરૂદાર માણસ છીએ.

:: ૨ ::

૨) આ કામના વાદી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં આજીવન સભ્ય છીએ. આ સભ્યપદ ઉપર વાદી આશરે ૯ વર્ષથી કાર્યરત છીએ. આ કામના વાદી કચ્છ કડવા પાટીદાર સમાજનાં અગ્રેસર, માનમોભો ધરાવતા માનનીય સદસ્ય છે. જેની પહોંચની ઝેરોક્ષ કોપી તા. ૩૦/૮/૯૬ વાળી આ લગત લીસ્ટ મુજબ રજુ છે.

૩) આ ઉપરાંત વાદી કચ્છ કડવા પાટીદાર સનાતન સેવા સમિતિનાં ઉપ-પ્રમુખ પદે પણ છીએ. કચ્છ જીલ્લામાં પ્રથમ આગાઉ મુખ્યત્વે સતપંથ સમાજ હસ્તીમાં હતો અને આ સતપંથ સમાજ મુખ્યત્વે જ્યોતિર્ધામ મંદિરને માનનારો સમાજ હતો. પરંતુ ત્યારબાદ છેલ્લા આશરે પચાસેક વર્ષ થયા આ કડવા પાટીદાર સમાજમાં ધાર્મિક મતમતાંતરોનાં કારણે જુદા જુદા વિભાગો થયા. તેમાં સતપંથમાંથી છુટા થઇ અને લક્ષ્મીનારાયણ પંથ, આર્ય સમાજ, બ્રહ્માકુમારીને માનનારાઓ કડવા પાટીદાર સમાજમાં થયા. મુખ્યત્વે કડવા પાટીદારનાં સમાજનાં સદસ્યો કે જેઓ લક્ષ્મીનારાયણ પંથને માનનારા થયા તેઓ આ કામના વાદી જે સતપંથનાં અનુયાયી છે તે સતપંથ તરફ રાગદ્વેષ રાખી અને હલકા પાડવા માટે સતત તત્પર રહે છે.

૪) આ કામના વાદી ગામ : આણંદસર તા. ભુજનાં ગ્રામ્ય વિકાસ મંડળનાં પ્રમુખપદે પણ છીએ. આ વિકાસ મંડળનાં કાર્યમાં એક સાર્વજનીક મહાન મોટી હોસ્પિટલનું નિર્માણ કાર્ય - આણંદસર ગામે કરવામાં આવી રહ્યું છે. જેના માટે વાદીનાં પ્રમુખપણાં તળે નેજા હેઠળ એક સમિતિનું ગઠન કરવામાં આવ્યુ છે, જે બાંધકામ ફંડફાળાનું વિ. નું કામ કરે છે.

૫) ઉપરાંત આ કામના વાદી આણંદસર ગ્રામ્યવાડી મંડળનાં પ્રમુખપદે છીએ, જે મંડળમાં પણ આ કામના વાદીએ ગામમાં શિક્ષણ સબંધીત કાર્યવાહીમાં મોટો ફાળો આપેલો છે. આ કામના વાદી આણંદસર જુથ ગ્રામ પંચાયતનાં ચુંટાયેલા ઉપર-સરપંચ પણ છીએ. ઉપરાંત આણંદસર ગામ તથા આજુબાજુનાં વિસ્તારને પાણી પુરવઠો ઘરેઘર નળ ઉપરાંત જાહેરમાં માર્ગો પર પણ નળનાં સ્ટેન્ડ પોષ્ટ વિગેરેની વ્યવસ્થા આયોજન કરવા માટે આણંદસર જળ સંચય સમિતિ છે. તેનાં પ્રમુખપદે છે. તે પ્રમાણે આ કામના વાદી અનેક સામાજીક શૈક્ષણિક વિગેરે સંસ્થાઓ સાથે જોડાઇ xxxx ધાર્મિક પ્રમાણે સમાજની સેવા કરીએ છીએ.

૬) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ એ કાયદા હેઠળ કામ કરતી સંસ્થા છે, અને તેનું કાયદેસરનું બંધારણ-નિતિ નિયમો પણ અસ્તિત્વમાં છે. આ સંસ્થાના પ્રતિવાદી નં.૧ વાળા તા. ૨૫/૮/૦૨ સુધી પ્રમુખ હતા. જ્યારે પ્રતિવાદી નં. ૪ ૨ વાળા તે સમયે આ સંસ્થાના ટ્રસ્ટી હતા અને પ્રવર્તમાન કારોબારીનાં સદસ્ય છે.

:: ૩ ::

૭) આ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની એક જનરલ સભા ભરાયેલ તા. ૨૫/૮/૦૨ ના રોજ પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા -કચ્છ મુકામે બપોરના ૩-૦૦ વાગે મળેલ. આ સભામાં કડવા પાટીદાર સમાજના સદસ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપેલ. આ કામના વાદી પણ આ સભામાં હાજર હતા. સમાજના પ્રમુખની ચુંટણીનો એજન્ડા હાથ ઉપર આ સભામાં લેવામાં આવેલ ત્યારે પ્રમુખસ્થાને મા. વાલજીભાઇ શીવજી વાડીયાના નામની દરખાસ્ત આવતાં, તે જગ્યા માટે વાદીએ વાલજીભાઇના પ્રમુખસ્થાનના નામની દરખાસ્તને ટેકો આપેલ અને શ્રી વાલજીભાઇ સર્વાનુમતે પ્રમુખપદે ચુંટાયેલા જાહેર થયા.

૮) આ સભાનું બીજું સત્ર ૧૫ થી ૨૦ મિનિટ બાદ કરીને અન્ય કાર્યવાહી હાથ ધરવા માટે શરૂ થયું. ત્યાં કોઇ પણ જાતના કારણ વગર કે કોઇ પણ જાતની કાયદેસરની ચર્ચા કે વાદીને કોઇ પણ જાતની તક આપ્યા વગર એકદમ મોટા અવાજે ઉશ્કેરાટમાં અપમાનજનક ઘાંટા સાથે વિના કારણે પ્રતિવાદી નં.૧ વાળાએ જાહેરાત કરી કે '' અરજણ શામજી ભગતે જે ટેકો આપેલ છે તે રદ જાહેર કરું છું અને આદેશ આપું છું કે, સભામાં અરજણ શામજી બેઠા હોય તે ચાલ્યા જાય.'' એટલું જ નહિ પરંતુ ત્યારબાદ ગુન્હાહિત જાહેરાત કરી કે '' પ્ર પાટીદાર સમાજની કોઇ વ્યકિત કે સભ્યોએ અરજણ શામજી ભગત સાથે સામાજીક વ્યવહાર કરવો નહીં ''. સમાજની વિશાળ હાજરી વચ્ચેની જાહેર સભા મધ્યે કોઇ પણ જાતના પ્રસ્તાવ વિના વગર કાંક ગુન્હા કે કારણે વાદીને તક આપ્યા વગર , નોટીસ આપ્યા વગર આપખુદશાહીભર્યું વલણ વર્તાવ દાખવી, આજીવન સભ્યના ટેકો આપવાના અધિકાર અને સભાની કાર્યવાહીમાં હાજરી આપી ભાગ લેવાના આજીવન સભ્યના હકકને છીનવી લેવાનો કોઇ અધિકાર પ્રતિવાદી નં.૧ વાળાને ન હતો. ઉપરાંત તેજ સમયે વાદીના સભ્યપદને રદ કરવાની જાહેરાતને પણ રદ કરવાની જાહેરાત બિનઅધિકૃત રીતે વિરૂધ્ધનું પગલું ભરી વાદીનું જાહેરમાં અપમાન કરવાના ઇરાદાથી, માનહાની કરવાના ઇરાદાથી , સામાજીક રીતે તમામ સ્તરે માનહાની થાય તે રીતે હાથમાં કાયદો લઇ એકજ ઝાટકે વાદીને હડધુત કરી અને કાઢી મુકવા માટે આદેશ આપ્યો અને પ્રતિવાદી નં. ૨ વાળા આ સંસ્થાના ટ્રસ્ટી છે, તેઓએ ઉશ્કેરાઇ અને ધકકા મુકી કરી અને અપમાનજનક રીતે બધા ઉપસ્થિત સભ્યો - લોકો જોઇ શકે તે રીતે સમાજના સંકુલમાંથી વાદીને બહાર કાઢી મુકેલ.

૯) ઉપરોકત હકીકતે પ્રતિવાદી નં. ૧-૨ વાળાએ સમાજના જ્ઞાતિજનો વચ્ચે જે જાહેરમાં વાદી સાથે અપમાનજનક વર્તાવ કરી વાદીને સામાજીક આર્થિક નુકશાની કરેલ છે , જે ઘણી જ મોટી છે. પરંતુ આ દાવો વાદી ટોકન x વળતર તરીકે હાલના તબકકે લાવવામાં આવે છે.

૧૦) હકીકતમાં, આ બંને પ્રતિવાદીઓએ જે આબરૂહાનીકારક કૃત્ય કર્યું છે તે ગુન્હાહિત કાર્ય આ વાદી સાથે અંગત રીતે તે કેપેસીટીમાં કરેલ છે. કારણ કે વાદીએ તા. ૧૮/૯/૦૨ ના રોજ ઉપરોક્ત સંદર્ભમાં જો સમાજની ઉપરોક્ત સભામાં કોઈ ઠરાવ મીનીટબુકમાં નોંધ કરવામાં આવી હોય તો તેની નોંધોની નકલની માંગણી પણ કરેલ, તેની ખરી નકલો વાદીને વાદીના ખર્ચે મળી જાય તે માટે નોટીસ કરેલ, જે નોટીસ ઉપરોક્ત સંસ્થાના પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડીયા, ટ્રસ્ટી શ્રી વાલજીભાઈ કે. ડાંખરા - મંત્રી શ્રી વિગેરેને નકલો પાઠવી જાણ કરવામાં આવેલ. ઉપરોક્ત નોટીસ તા. ૧૮/૯/૦૨ ની ઝેરોક્ષ આ સાથે લીસ્ટથી રજુ છે. ત્યારબાદ તા. ૪/૩/૦૩ ના રોજ ફરીને દસ્તાવેજી આધારો વાદીને પુરા પાડવા માટે વિનંતી કરતા પત્રો લખેલ, પરંતુ આવા કોઈ આધારો આજ લગી વાદીને પુરા પાડવામાં આ આવ્યા નથી. સ્પષ્ટ રીતે આ બંને પ્રતિવાદીઓએ ઉપરોક્ત હકીકત અને ગુન્હાહિત કાર્ય કરેલ છે, જેની નોંધ સમાજના દફતરે પણ લેવાઈ નથી, જે સ્પષ્ટ છે.

૧૧) સામાજીક અમો વાદી એક મોટા સમાજના આબરૂદાર સદસ્ય છીએ અને અમારી સાથે અપમાનજનક બેઆબરૂ કરવાના ઈરાદાવાળું કનિષ્ટ વર્તન પ્રતિવાદીઓએ કરેલ છે, તે બાબત સમાજના અગ્રેવાનોને જાણ કરેલ, પરંતુ આજ લગી આ બાબતે કોઈ સ્પષ્ટતા ન થતાં તેમજ આ પ્રતિવાદી પક્ષ તરફથી નોટીસની હકીકતે વર્તાવ ન કરતાં અને તેથી આ દાવો તાત્કાલીક લાવવાની ફરજ વાદીને પડી છે.

૧૨) પરંતુ આ કામે જે ગુન્હાહિત આબરૂહાનીકારક કનિષ્ટ પ્રકારનું કૃત્ય આ પ્રતિવાદીઓએ કરેલ છે તે બદલ ફોજદારી કાર્યવાહી કરવાના અમારા હકકો અબાધીત રાખી આ દાવો લાવીએ છીએ.

૧૩) હકીકતમાં, પ્રતિવાદી નં. ૧-૨ વાળાના અપમાનીત વર્તાવના કારણે જ્ઞાતીમાં સમાજમાં વાદીને હલકા પાડવા જે કૃત્ય કરવામાં આવેલ છે તેથી વાદી તથા તેના કુંટુંબના માણસોને ખુબજ સહન કરવું પડે છે.

૧૪) અમારા કડવા પાટીદારના લોકો કચ્છના અલગ અલગ ગામોમાં તેમજ કચ્છથી બહાર તથા ગુજરાત બહાર પણ વસવાટ કરે છે. પરંતુ આ બનાવ બાદ જ્યારે આ વાદીને કે તેના કુંટુંબને સારા માઠા પ્રસંગે સામાજીક કૌટુમ્બીક પ્રસંગે જવાનું હોય તેવા વખતે અમોને આમંત્રણ પણ બંધ કરેલ છે. તેમ માઠા પ્રસંગે બેસણામાં જવાના પ્રસંગે અમારી સાથે લોકનો વહેવાર કરવાના બદલે પડખેથી ઉઠીને લોકો ચાલ્યા જાય છે. તે તમામ હકીકતની તપાસ કરતાં ઉપરોક્ત બનાવમાં પ્રતિવાદીએ જાહેરમાં સમાજ વચ્ચે ઉતારી પાડતાં તેના કારણે અમને માનસિક દુઃખ અને નીચા જોવા પણું થાય છે. તેવી જ પરિસ્થિતિ અમો વાદીના પરના લોકોની થાય છે.

:: ૫ ::

૧૫) એટલું જ નહીં પરંતુ આણંદસર મુકામે જે સાર્વજનીક હોસ્પિટલ બંધાય છે, તેનો વાદી પ્રમુખ છે, પરંતુ આ હોસ્પિટલ અંગે ફંડ ફાળો કરવાના પ્રતિ ફંડફાળા સમિતિનાં અન્ય સદસ્યો નાસીક વિગેરે સ્થળોએ લઇ જવા નારાજગી વ્યક્ત કરી એ અને જણાવેલ કે, સમાજની જનરલ સભાના બનાવનાં કારણે તમોને (વાદીને) સાથે રાખશું તો નુકશાન થાશે. તેથી અમને તમામ સ્તરે ઉપરોક્ત બનાવનાં પરીણામરૂપ દૂર રાખવામાં આવે છે, આવા દાવે અન્ય હકીકતો પણ રજુ કરવામાં આવશે. અમો વાદીનાં આવા સબંધી મિત્રવર્તુળ, બેનીનાં ક્ષેત્રમાં પ્રતિવાદીઓએ કરેલ અમો વાદીની જાહેરમાં આબરૂ હાની કરેલ, તેથી આર્થિક માનસિક, સામાજીક અને કૌટુંમ્બીક ક્ષેત્રે પણ પ્રબળ માઠી અસર તમારા ગુન્હાહીત દુષ્કૃત્યનાં કારણે થઇ છે.

૧૬) અમો વાદીએ નવા વરાયેલા પ્રમુખશ્રી વાલજીભાઇ વાડીયાને ટેલીફોનથી જાણ કરેલ, જેનાં તરફથી કોઇ પ્રતિભાવ ન મળતાં નાછુટકે રજી.એ.ડી.થી વિનંતવારનો અસલ પત્ર પણ વાદીએ લખેલ છે.

૧૭) જ્યારે આ બનાવ બન્યો ત્યારે તારીખ ૨૯/૮/૦૨ નાં રોજનાં કચ્છમિત્રમાં તમામ હકીકત જાહેર કરતો ' જાહેર ખુલાસો ' કચ્છ કડવા પાટીદાર સનાતન સેવા સમિતિનાં પ્રમુખશ્રી પટેલ પચાણ કરશન તથા પટેલ જેઠાભાઇ કાનજીએ પ્રગટ કરાવેલ. તેજ પ્રમાણે વાદીએ તા. ૧૮/૯/૨૦૦૨ નાં તથા તારીખ ૪/૩/૦૩ નાં રોજ પ્રતિવાદીને નોટીસ કરેલી. જે નોટીસ પ્રતિવાદીને મળેલ છે. જે નોટીસનો કોઇ સંતોષકારક જવાબ આપવામાં આવેલ નથી.

૧૮) તા. ૨૫/૮/૦૨ નાં રોજનો જે બનાવ જનરલ સભામાં જે બન્યો તેને કડવા પાટીદાર સમાજનાં મુખપત્રોએ પણ ખુબ પ્રસિધ્ધી આપી છે. '' પાટીદાર સંદેશ '' સપ્ટેમ્બર -૨૦૦૨ નાં અંકમાં પણ આ સભા બાબતે - ' અરજણ રામજી આણંદસર સભામાં બેઠા હોય - સભા સ્થળ છોડી ચાલ્યા જાય ' તેવા મથાળા તળે સમાચારો પ્રગટ કરવામાં આવેલ છે. આ તમામ સમાજનાં મુખપત્રો કચ્છ તેમજ કચ્છથી બહાર પ્રગટ થાય છે અને તે રીતે આ હકીકતની પ્રસિધ્ધિ કચ્છ, ગુજરાત અને ભારતભરમાં થઇ છે. હકીકતે કોટડા(જડોદર) નખત્રાણા મુકામે સનાતન સમાજ અને લક્ષ્મીનારાયણ સમાજ વચ્ચે ચાલતા મતભેદો અને કોર્ટ કેસોનાં કારણે પ્રતિવાદી નં. ૨ વાળાની ઉશ્કેરણીથી આ સમગ્ર બનાવ બનેલો છે. આજ અરસે કોટડા (જડોદર)નાં સતપંથી સમાજને માનનારા ૬ ઘરોનો સામાજીક રીતે બહિષ્કાર કરવા કરવાનું જાહેર કરવામાં આવેલ. હકીકતે કોટડા (જડોદર)નાં કેસ સાથે વાદીને કશી નિસ્બત નથી જુ જે સ્પષ્ટ છે.

:: ૬ ::

૧૯) ઉપરોક્ત હકીકતે વાદીને માનસિક ત્રાસ આપવામાં આવેલ છે. સામાજીક બહિષ્કારના કારણે આર્થિક પરિસ્થિતિને નુકશાન થયેલ છે, તેમજ કૌટુમ્બીક પ્રસંગે ક્ષેત્રે, વ્યવસાયીક ક્ષેત્રે, તથા સામાજીક ક્ષેત્રે નુકશાન થયેલ છે, તેના કારણે ખુબજ મોટી નુકશાની - આબરૂહાની - માનહાનીના પરીણામ સ્વરૂપ થયેલી છે. પરંતુ ટોકન વળતર તરીકે આ દાવો રૂા. ૧,૧૦,૦૦૦/- (એક લાખ દસ હજાર) ની રકમનો લાવવામાં આવે છે.

૨૦) સ્પષ્ટ રીતે આ દાવો ઉપરોક્તહકીકતોએ પ્રતિવાદીની કસુરના કારણે લાવવાની ફરજ વાદીને પડી છે, તેથી આ દાવાનું સમગ્ર ખર્ચ વાદી પ્રતિવાદીઓની પાસેથી વસુલ લેવા અધિકારી બને છે.

૨૧) આ દાવાનું કારણ - પ્રતિવાદીઓએ ઉપરોક્ત હકીકતે તારીખ ૨૫/૮/૦૨ ના રોજ અખીલ અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની જનરલ સભામાં જાહેરમાં વાદીને અપમાનીત કરી, આબરૂહાની કરી, તેની સામાજીક, કૌટુમ્બીક, વ્યવસાયીક ક્ષેત્રે નુકશાન થાય તે રીતેનું જાહેરમાં કૃત્ય કરી, નુકશાન પહોંચાડી, ત્યારબાદ વાદીએ તા. ૧૮/૯/૦૨ ના રોજ તથા તા. ૪/૩/૦૩ ના રોજ કાયદેસરની નોટીસો પ્રતિવાદીને આપવા છતાં, તથા તે નોટીસો તેમને મળી જવા છતાં પણ તે હકીકતે સંતોષકારક જવાબ નહીં આપતાં કે વર્તાવ અમલ નહીં કરતાં તે રીતે ઉત્પન્ન થયું છે અને જે ચાલુમાં છે.

૨૨) આ કારણે તા. ૨૫/૮/૦૨ ની સભા નખત્રાણા-કચ્છ મુકામે મળેલી તેમજ દાવા અરજીની હકીકતે આ દાવાનું કારણ પણ નખત્રાણા-કચ્છ મુકામે ઉત્પન્ન થયેલ છે અને તેથી આ દાવો ચલાવવાની હકુમત તે રીતે આપ નામદારની કોર્ટને પહોંચે છે.

૨૩) આ દાવો રૂા. ૧,૧૦,૦૦૦/- ની નુકશાની વસુલાત કરવાનો છે અને તે સંજોગોમાં આ દાવો રૂા. ૬૧૫૦/- ની કોર્ટ ફી સ્ટેમ્પ પર લાવવામાં આવે છે.

૨૪) આ દાવાનો આંક વેલ્યુએશન - જ્યુરીસડીકશન પરપઝ માટે રૂા. ૧,૧૦,૦૦૦/- નો બાંધવામાં આવે છે.

૨૫) આ દાવો ચલાવવા પીક્યુનરી જ્યુરીસડીકશન આપ નામદાર સાહેબની અદાલતને પહોંચે છે.

૨૬) આ દાવો મુદતની અંદર છે.

:: ૭ ::

જ) આથી વાદીની નમ્ર અરજ છે, આ કામે પ્રતિવાદીઓને આપ નામદાર સાહેબની કોર્ટ સમક્ષ રૂબરૂમાં બોલાવી અને :-

(૧) પ્રતિવાદીઓએ દાવા અરજીની હકીકતે વાદીની જાહેરમાં માનહાનિ -આબરૂહાની કરેલ છે, તે બદલ નુકસાન - વળતરનાં રૂા. ૧,૧૦,૦૦૦/- (એક લાખ દસ હજાર) પ્રતિવાદીઓ વાદીને આપે તેવું હુકમનામું કરી આપવા વિનંતી છે. તથા આ નુકસાન વળતરની રકમ જ્યાં સુધી પ્રતિવાદીઓ પુરેપુરી ન ચૂકવે ત્યાં સુધી તેના પર વાર્ષિક ૧૮% લેખે દાવા તારીખથી વ્યાજ અપાવવા હુકમ ફરમાવશો.

તથા

(૨) આ દાવાનું સઘળું ખર્ચ વાદીને પ્રતિવાદી પાસેથી અપાવવા હુકમ ફરમાવશો તથા મળી શકતી કાયદેસરની દાદ રાહત અપાવવા હુકમ ફરમાવશો.

ભુજ-કચ્છ.

તા. /૯/૦૩

વાદી

<u>એફીડેવીટ તાત્કાલીક ઉપયોગ માટેની</u>

આથી અમો વાદી વરજાંગભાઈ સામજી ભગત, ઉ.વ. ૫૭ ધંધો : ખેતી રહે. ગામ : આણંદસર તાલુકો ભુજ-કચ્છવાળા અમારી ધર્મપ્રતિજ્ઞા ઉપર જણાવીએ છીએ કે ઉપરોક્ત દાવા અરજીમાં જણાવેલી તમામ હકીકતો અમારા જાણવા-સમજ્યા મુજબની ખરેખરી અને સાચી છે, જે અમારા પવિત્ર સોગંદ પર જાહેર કરીએ છીએ.

ભુજ-કચ્છ.

રૂબરૂ તા. /૯/૦૩

રૂબરૂ કરનાર તથા ઓળખ આપનાર :-

વાદી

(કે. આર. ભુવ)

તે વાદીનાં એડવોકેટ.

દાવા જવાબ

નામદાર શ્રી સીવીલ જજ (સી.ડી.) સાહેબની કોર્ટમાં, ભુજ-કચ્છ.

સ્પે.દિ.દા.નં ૫૬/૦૩

પટેલ અરજણ શામજી.................................વાદી

વિરૂધ્ધ

ખીમજી લખમશી.................................પ્રતિવાદી

સવિનય પ્રતિવાદીઓની માનસર અરજ કે વાદીના દાવાનો અમારો દાવા જવાબ નીચે મુજબ છે.

૧. વાદીનો દાવો ખરો કે કાયદેસરનો ન હોઈ તે રદ ફરમાવશોજી.

૨. વાદીનો દાવો એ રીતે ચાલવાપાત્ર નથી. કેમ કે વાદીએ ૧ વર્ષની અંદર દાવો લાવવો જોઈએ. વાદીએ તેમ કરેલ ન હોઈ વાદીના દાવાને મુદતદોષ લાગે છે. તેથી તે ખર્ચ સહીત રદ ફરમાવશોજી.

૩. દાવા અરજી ના પારા-૧ ના જવાબમાં જણાવવાનું કે તેમાં જણાવેલ હકીકતો વાદી સાબિત કરે.

૪. દાવા અરજી ના પારા-૨ ના જવાબમાં જણાવવાનું કે વાદી જેવા આશરે ૬૫૦૦. આજીવન સભ્યો છે. બાકીના કથનો વાદી સાબિત કરે.

૫. દાવા અરજી ના પારા-૩ ના જવાબમાં જણાવવાનું કે સમસ્ત કડવા પાટીદાર સમાજનું તેના પેટાપંથોથી મતલબ નથી. લક્ષ્મીનારાયણ પંથને માનનારા વાદી જેવા સરપંચના અનુયાયી રાગદ્વેષ રાખી હલકો પાડવા સતત તત્પર હોવાનું કથન ખરું નથી.

....૨....

૬. દાવા અરજી ના પારા-૪,૫ ના જવાબમાં જણાવવાનું કે તેમાં જણાવેલ કથનો વાદી સાબિત કરે.

૭. દાવા અરજી ના પારા-૬ ના જવાબમાં જણાવવાનું કે પ્રતિવાદી નં ૨ વાળા તા.૨૫-૮-૦૨ લગી સંસ્થાના ટ્રસ્ટી હોવાનું કથન ખરું નથી. વાદી તે સાબિત કરે.

૮. દાવા અરજી ના પારા-૭ ના જવાબમાં જણાવવાનું કે તા.૨૫-૮-૦૨ ની સભામાં વાદી કાયદેસર ઉપસ્થિત હોવાનું શંકાસ્પદ છે. વાદી જો પોતાને જાગૃત નેતા ગણાવતા હોય તો તેણે મીટીંગની હાજરીમાં સહી કરી હોય. મીટીંગમાં આશરે ૬૦૦ સભ્યો હાજર હતા. જેમની મીટીંગ પહેલાં સહી લેવામાં આવેલ. જેમાં કયાંય પણ વાદીનું નામ કે સહી નથી. વાદી જો હાજર હોય તો અને પોતાને સમાજના અગ્રણી અને નેતા ગણાવતા હોય તો હાજરીમાં નામ લખી સહી કરવી તેમની પવિત્ર ફરજ હતી. વાદી જો નેતા કહેવડાવતા હોય તો આવી ફરજ ચુકે નહી. વળી મિનીટસમાં વાદીની હાજરી નોંધાયેલ નથી. વાદીએ શ્રી વાલજીભાઈ શીવજી વાડીયાના પ્રમુખસ્થાનની દરખાસ્તને ટેકો આપેલ હોવાનું કથન ખરું નથી. મિનીટસ બુકમાં દરખાસ્ત કે ટેકો આપનાર તરીકે વાદીનું નામ નથી. આમ વાદી દાવા અરજીમાં ખોટાં સ્ટેટમેન્ટ કરી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરતા હોય તેવું જણાય છે.

૯. દાવા અરજી ના પારા-૮ ના જવાબમાં જણાવવાનું કે પ્રતિવાદી નં ૧ વાળા વાદી જણાવે છે તેવો કોઈ ખોટો અવાજ/ઉશ્કેરાટ/ઘાંટા/ધક્કામુક્કી નો ઉપયોગ કરેલ હોવાનું કથન ખરું નથી. પ્રતિવાદી નં ૧ વાળાએ વાદીનો ટેકો રદ કરેલ હોવાનું કથન ખરું નથી. કેમકે વાદીએ ટેકો આપેલ નથી. વાદી સભામાં બેઠા હોય અને ચાલ્યા ગયા હોવાનું કથન ખરું નથી. ખરેખર આ સભામાં આશરે ૬૦૦ સભ્યો હાજર હતા. તેમાં કોણ હાજર હતા અને કોણ હાજર ન હતા તે અધ્યક્ષસ્થાનેથી ખબર ન પડે. જે લોકોએ મીટીંગમાં સક્રિય ભાગ લીધેલ હોય તેમના નામની નોંધ લેવાય. જ્યારે વાદીએ કોઈ સક્રિયતા બતાવેલ હોય તેવું જણાયેલ નથી. તેથી વાદીની હાજરી હતી કે કેમ તે પ્રતિવાદી નં ૧ વાળાને યાદ કે જાણ નથી.

૧૦. પ્રતિવાદી નં ૧ વાળાએ કે કોઈએ વાદી સાથે સામાજીક વ્યવહાર કરવો નહી તેવી જાહેરાત કરેલ હોય તેવું જણાવેલ નથી. અમોએ કોઈ આપખુદશાહી વલણ બતાવેલ નથી. કોઈનો હક્ક છીનવી લીધેલ નથી. વાદીનો સભ્યપદ રદ કરેલ નથી. તેથી કોઈ નોટીશ આપવાનો પ્રશ્ન નથી. કેમકે વાદીનો કોઈ અપમાન/માનહાનિ કે હડધૂત કરેલ નથી. પ્રતિવાદી નં ૨ વાળા આ સંસ્થાના ટ્રસ્ટી હોવાનું કથન ખરું નથી. વાદીએ કેટલાક ખોટા ભ્રમમાં આ દાવો કરેલ હોવાનું જણાય છે અને તેથી ભ્રમિત કથનો મૂકી કલ્પનામાં દાવો કરેલ હોવાનું જણાય છે. પ્રતિવાદી નં ૨ વાળાએ ઉશ્કેરાઈ અપમાન કરી ધક્કામૂક્કી કરી વાદીને બહાર કાઢી મૂકેલ હોવાનું કથન તદન ખોટું છે.

....3....

....૩....

હકીકત એવી છે કે વાદી પ્રતિવાદી નં ૨ ની વિરૂદ્ધ ઈર્ષ્યાથી ઉશ્કેરાયેલા રહે છે. તેઓ પ્રતિવાદી નં ૨ નો પ્રોગ્રેસ જોઈ શકતા નથી અને તેથી અવારનવાર ખોટા કેસ કરે છે. વાદીએ પ્રતિવાદી નં ૨ પર એક કેસ નખત્રાણા મામલતદાર સમક્ષ નં ૨૬/૨૦૦૦ વાળો કરેલ. પરંતુ આ કેસ કર્યા બાદ વાદી ક્યારેય પણ હાજર રહેલ નહી અને કેસ નીકળી ગયેલ. જેની ખરીનકલ આ સાથે લિસ્ટ મુજબ રજુ છે.

૧૧. દાવા અરજી ના પારા-૯ ના જવાબમાં જણાવવાનું કે તેમાં જણાવેલ કથનો ખરાં નથી. પ્રતિવાદી નં ૧,૨ વાળાએ જાહેરમાં વાદી સાથે અપમાનજનક વર્તાવ કરેલ હોવાનું કે તેને સામાજિક અને આર્થિક નુકસાન કરેલ હોય કે વાદીને મોટી નુકસાની થયેલ હોવાનું કથન ખરું નથી.

૧૨. દાવા અરજી ના પારા-૧૦ ના જવાબમાં જણાવવાનું કે તેમાં જણાવેલ કથનો ખરાં નથી. પ્રતિવાદીઓએ કોઈ ગુનાહિત કૃત્યો કરેલા જ નથી. તેથી સમાજના દફતરે નોંધ લેવાનો પ્રશ્ન નથી. વાદીએ અમો કોઈ પણ પ્રતિવાદીઓ પાસે તા.૨૫/૮/૦૨ પછી આધાર માંગેલ હોય તો તે ગેરકાયદેસર છે કેમ કે તા.૨૫/૮/૦૨ પછી તમામ રેકર્ડનો કબ્જો નવી ચુંટાયેલ બોડી પાસે રહે. વળી, નવી મિનીટસ પણ નવી બોડી લખે. જો સમાજ કે મીટીંગમાં કોઈ બનાવ બનેલ હોય તો તે માટે નવી બોડીના સભ્યો જવાબદાર છે નહિ કે જુની બોડીનાં. પરંતુ એવું લાગે છે કે વાદી એ વાલજીભાઈ વાડીયાના ટેકેદાર તે વાલજીભાઈ એ પ્રમુખ થયા પછી આવી મિનીટસમાં કોઈ નોંધ કરેલ નથી. તેટલું જ નહિ પરંતુ આ મિનીટ્સ ૧ વર્ષ બાદ બીજી સામાન્ય સભા તા.૧૨/૮/૦૩ ના પસાર થઈ ત્યારે સમાજના કોઈ સભ્યોએ વાદીના કહેવાતા બનાવ અંગે સુધારો સુચવેલ નથી. જે દર્શાવે છે કે ખરેખર આવો કોઈ બનાવ બનેલ જ નથી.

૧૩. દાવા અરજી ના પારા-૧૧,૧૨ અને ૧૩ ના જવાબમાં જણાવવાનું કે તેમાં જણાવેલ કથનો ખરા નથી. સમાજના આગેવાને વાદી સાથે સ્પષ્ટતા કરી ન હોય તો તેનો અર્થ એ કે વાદીની વાત ખોટી છે. અમોએ કોઈ અનિષ્ટ વર્તન કરેલ નથી. અમોએ વાદીને હલકા પાડેલ હોવાનું કૃત્ય કરેલ નથી. તેથી વાદી તથા તેના કુટુંબીજનોને ખુબ સહન કરવું પડેલ હોવાનું કથન ખરું નથી.

૧૪. દાવા અરજી ના પારા-૧૪ ના જવાબમાં જણાવવાનું કે વાદીને ક્યા કારણોસર આમંત્રણ રદ થયેલ અને ક્યા કારણે લોકો તેની પડખેથી ઉઠીને ચાલ્યા જાય છે તેની અમને ખબર નથી. તે કારણો વાદી જાણે. પરંતુ અમોએ કોઈ ગુનાહીત કૃત્ય કરેલ નથી અને અમારા કોઈ કારણે વાદીને નીચા જોવાપણું થતું હોવાનું કથન ખરું નથી.

....૪....

....૪....

૧૫. દાવા અરજી ના પારા-૧૫ અને ૧૬ ના જવાબમાં જણાવવાનું કે તેમાં જણાવેલ કથનો અમો જાણતા, માનતા કે સ્વીકારતા નથી. વાદી ને સાથે રાખવાથી કોઈ પણ સંસ્થાને નુકસાન જતું હોય તેવી વાત અમારી જાણમાં નથી. વાદી તે જાણતા હોય તો તે અમારી જાણમાં નથી. અમોએ કોઈ ખરાબ કૃત્ય કરેલ નથી કે જેથી વાદીને સહન કરવાનો વખત આવે.વાલજીભાઈને જાણ કર્યાનું વાદી સાબિત કરે.

૧૬. દાવા અરજી ના પારા-૧૭ ના જવાબમાં જણાવવાનું કે તેમાં જણાવેલ કથનો સત્યથી વેગળા છે. પટેલ પચાણ કરસન તથા પટેલ જેઠાલાલ કાનજી વાદીના મળતીયા છે અને તેઓ એક જુથમાં છે. તેમણે "કચ્છમિત્ર" માં આપેલ જાહેરાતનાં કથનો ખરાં ન હતા. ખોટી જાહેરાતના પૈસા બગાડી જવાબ આપવાનું અમોને યોગ્ય લાગ્યું નથી . વાદી જે નોટીશ કર્યાનું જણાવે છે તેનો અમોએ એડવોકેટશ્રી આર.બી.ધોળુ મારફતે સપ્ટે.૨૦૦૨ માં જવાબ આપેલ છે. જે વાત વાદીએ ઈરાદાપુર્વક છુપાવેલ છે.

૧૭. દાવા અરજી ના પારા-૧૮ ના જવાબમાં જણાવવાનું કે "પાટીદાર સૌરભ" માં વાદી જણાવે છે તેવા સમાચાર પ્રસિદ્ધ થયાનું કથન ખરું નથી. વાદીની દાવાઅરજીથી કોન્ટ્રાડીકટરી વાત તેમાં છપાયેલ હોવાનું જણાયેલ નથી.વળી તે કાંઈ પુરાવો નથી. ખોટા સમાચાર વાદી અને મળતીયા જણાવે તેની કોઈ જવાબદારી અમારી નથી.સમગ્ર બનાવ પ્રતિવાદી નં ૨ વાળાની ઉશ્કેરણીથી બનેલ નથી.

૧૮. દાવા અરજી ના પારા-૧૯ ના જવાબમાં જણાવવાનું કે અમોએ વાદીને કોઈ ત્રાસ આપેલ નથી.અમારા કારણે કોઈ નુકસાન થયેલ નથી. વાદી રૂા.૧,૧૦,૦૦૦/- કે તેના કોઈ ભાગની રકમ માંગવા કે મેળવવા હક્કદાર નથી.

૧૯. દાવા અરજી ના પારા-૨૦ થી ૨૫ ના જવાબમાં જણાવવાનું કે તેમાં જણાવેલ કથનો અમો કબુલ કરતા નથી. વાદી તે સાબિત કરે.

૨૦. દાવા અરજી ના પારા-૨૬ ના જવાબમાં જણાવવાનું કે વાદીનો દાવો મુદતમાં હોવાનું ખરૂં નથી. વાદી તે સાબિત કરે.

સબબ વાદીનો દાવો ખર્ચ સહીત રદ ફરમાવવા તેમજ કોમ્પનસેટરી કોસ્ટ અપાવવા અરજ.

તા.૨૧-૧૦-૦૩

૧.......[signature].......

૨.......[signature].......

....૫....

એકરારનામું

અમો પ્રતિવાદીઓ આથી એકરાર કરી જણાવીએ છીએ કે ઉપરોકત દાવાજવાબમાં જણાવેલ તમામ હકીકત અને કથનો અમારી જાણ અને માન્યતા મુજબ ખરાં છે.

તા.૨૧-૧૦-૦૩
ભુજ-કચ્છ.

૧. ....
૨. ....

રજુ કરનાર

(બી.એમ.ધોખડિયા/એ.જે.ઠક્કર)
પ્રતિવાદીઓના એડવોકેટ

5000 Rs.




નામદાર શ્રી સીવીલ જજ (સીનીયર ડીવીઝન) સાહેબની કોર્ટમા,

ભુજ - કચ્છ.

સ્પેશીયલ દિવાની દાવા ના.- ૫૬/૨૦૦૩.

પટેલ અરજણ શામજી ભગત ..... વાદી.

વિરૂધ્ધ



૧) ખીમજી લખમશી લીંબાણી-

વિગેરે ..... પ્રતિવાદીઓ.

આપશ્રી આ કામે વાદીનો માનશર અરજ છે કે, આ કામે દાવા પરના જરૂરી કોર્ટ ફી સ્ટામ્પ રૂા. ૬,૧૫૦/- નો આ સાથે રજુ છે.

ભુજ. કચ્છ.

તારીખ:- ૧૧-૯-૨૦૦૩.

રજુ મારફતે:-,

(કિશોરચંદ્ર આર. બુચ)

તે વાદી ના એડવોકેટ.

દાવા અરજી

નામદાર શ્રી સીવીલ જજ (સીનીયર ડાવીઝન) સાહેબની કોર્ટમાં, ભુજ-કચ્છ.


સ્પેશીયલ દિવાની દાવા નં. ૫૬ /૦૩

પટેલ અરજણભાઇ શામજી ભગત,
ઉ.વ. ૫૭ , ધંધો : ખેતી,
રહે. ગામ : આણંદસર તા. ભુજ-કચ્છ. } વાદી

વિરુધ્ધ

૧) ખીમજીભાઇ લખમશી લીંબાણી,
ઉ.વ. ૬૫ , ધંધો : વેપાર,
રહે. મુળ નખત્રાણા-કચ્છ.
હાલે કલકત્તા.

૨) વેલજીભાઇ ઉર્ફે અરવિન્દ કરશન લીંબાણી
ઉ.વ. ૫૨ , ધંધો :- ખેતી
રહે. ગામ : કોટડા(જડોદર)
તાલુકો નખત્રાણા-કચ્છ. } પ્રતિવાદીઓ



બાબત :- પ્રતિવાદીઓએ વાદીનું અપમાન કરી, માનહાની કરી, સામાજીક બહિષ્કાર થાય તે પ્રમાણે જાહેરમાં વર્તણુંક કરી, આબરૂહાની કર્યા, થયેલ આબરૂહાની/માનહાની બાબતે વળતર મળવા બાબત..

સવિનય, વાદીપક્ષે માનસર અરજ કે, આ કામે વાદીનાં દાવાની ટુંક હાલની માનસર હકીકત નીચે પ્રમાણે છે, જે પરત્વે નેક નજરે લક્ષ આપવા માટે વિનંતી છે.

૧) આ કામના વાદીપોતે ભુજ તાલુકાના ગામ : આણંદસર મુકામે રહી, ખેતીનો વ્યવસાય કરે છે. વાદી પોતાનું બહોળું કુંટુંબ ધરાવે છે. તેમજ વાદીનો મોટો સ્નેહીવર્ગ સંબંધીવર્ગ / મિત્રો વર્તુળ કચ્છભરમાંતેમજ કચ્છથી બહાર ભારતમાં પણ સમાજના જુદા જુદા સ્તરનાં વર્ગના લોકોનો છે તથા સમાજમાં આ વાદી ઉંડા મુળ ધરાવે છે અને આબરૂદાર માણસ છીએ.

:: ૨ ::

૨) આ કામના વાદી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં આજીવન સભ્ય છીએ. આ સભ્યપદ ઉપર વાદી આશરે ૯ વર્ષથી કાર્યરત છીએ. આ કામના વાદી કચ્છ કડવા પાટીદાર સમાજનાં અગ્રેસર, માનમોભો ધરાવતા માનનીય સદસ્ય છે. જેની પહોંચની ઝેરોક્ષ કોપી તા. ૩૦/૮/૯૬ વાળી આ લગત લીસ્ટ મુજબ રજુ છે.

૩) આ ઉપરાંત વાદી કચ્છ કડવા પાટીદાર સતપંથ સેવા સમિતિનાં ઉપ-પ્રમુખ પદે પણ છીએ. કચ્છ જીલ્લામાં પ્રથમ અગાઉ મુખ્યત્વે સતપંથ સમાજ હસ્તીમાં હતો અને આ સતપંથ સમાજ મુખ્યત્વે જ્યોતિષધામ મંદિરને માનનારો સમાજ હતો. પરંતુ ત્યારબાદ છેલ્લા આશરે પચાસેક વર્ષો થયા આ કડવા પાટીદાર સમાજમાં ધાર્મિક મતમતાંતરોનાં કારણે જુદા જુદા વિભાગો થયા. તેમાં સતપંથમાંથી છુટા થઇ અને લક્ષ્મીનારાયણ પંથ, આર્ય સમાજ, બ્રહ્માકુમારીને માનનારાઓ કડવા પાટીદાર સમાજમાં થયા. મુખ્યત્વે કડવા પાટીદારનાં સમાજનાં સદસ્યો કે જેઓ લક્ષ્મીનારાયણ પંથને માનનારા થયા તેઓ આ કામના વાદી જે સતપંથનાં અનુયાયી છે તે સતપંથ તરફ રાગદ્વેષ રાખી અને હલકા પાડવા માટે સતત તત્પર રહે છે.

૪) આ કામના વાદી ગામ : આણંદસર તા. ભુજનાં ગ્રામ્ય વિકાસ મંડળનાં પ્રમુખપદે પણ છીએ. આ વિકાસ મંડળનાં કાર્યમાં એક સાર્વજનીક અદ્યતન મોટી હોસ્પિટલનું નિર્માણ કાર્ય - આણંદસર ગામે કરવામાં આવી રહ્યું છે. જેના માટે વાદીનાં પ્રમુખપણાં તળે નેજા હેઠળ એક સમિતિનું ગઠન કરવામાં આવેલું છે, જે બાંધકામ ફંડફાળાનું વિ. નું કામ કરે છે.

૫) ઉપરાંત આ કામના વાદી આણંદસર ગ્રામ્યવાલી મંડળનાં પ્રમુખપદે છીએ, જે મંડળમાં પણ આ કામના વાદીએ ગામમાં શિક્ષણ સબંધીત કાર્યવાહીમાં મોટો ફાળો આપેલા છે. આ કામના વાદી આણંદસર જુથ ગ્રામ પંચાયતનાં ચુંટાયેલા ઉપર-સરપંચ પણ છીએ. ઉપરાંત આણંદસર ગામ તથા આજુબાજુનાં વિસ્તારને પાણી પુરવઠો ઘરેઘર નળ ઉપરાંત જાહેરમાં માર્ગો પર પણ નળનાં સ્ટેન્ડ પોષ્ટ વિગેરેની વ્યવસ્થા આયોજન કરવા માટે આણંદસર જળ સંચય સમિતિ છે. તેનાં પ્રમુખપદે છે. તે પ્રમાણે આ કામના વાદી અનેક સામાજીક શૈક્ષણિક વિગેરે સંસ્થાઓ સાથે જોડાઇ xxx શકિત પ્રમાણે સમાજની સેવા કરીએ છીએ.

૬) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ એ કાયદા હેઠળ કામ કરતી સંસ્થા છે, અને તેનું કાયદેસરનું બંધારણ-નિતિ નિયમો પણ અસ્તિત્વ-માં છે. આ સંસ્થાના પ્રતિવાદી નં.૧ વાળા તા. ૨૫/૮/૦૨ સુધી પ્રમુખ હતા. જ્યારે પ્રતિવાદી નં. x ૨ વાળા તે સમયે આ સંસ્થાના ટ્રસ્ટી હતા અને પ્રવર્તમાન કારોબારીનાં સદસ્ય છે.

૭) આ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની એક જનરલ સભા સંસ્થા તા. ૨૫/૮/૦૨ નાં રોજ પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા -કચ્છ મુકામે બપોરના ૩-૦૦ વાગે મળેલ. આ સભામાં કડવા પાટીદાર સમાજના સદસ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપેલ. આ કામના વાદી પણ આ સભામાં હાજર હતા. સમાજનાં પ્રમુખની ચૂંટણીનો એજન્ડા હાથ ઉપર આ સભામાં લેવામાં આવેલ ત્યારે પ્રમુખસ્થાને મા. વાલજીભાઇ શીવજી વાડીયાના નામની દરખાસ્ત આવતાં, તે ટેકો આપવા માટે વાદીએ વાલજીભાઇનાં પ્રમુખસ્થાનનાં નામની દરખાસ્તને ટેકો આપેલ અને શ્રી વાલજીભાઇ સર્વાનુમત પ્રમુખપદે ચૂંટાયેલા જાહેર થયા.

૮) આ સભાનું બીજું સત્ર ૧૫ થી ૨૦ મિનિટ બાદ કરીને અન્ય કાર્યવાહી હાથ ધરવા માટે શરૂ થયું. ત્યાં કોઇ પણ જાતનાં કારણ વગર કે કોઇ પણ જાતની કાયદેસરની ચર્ચા કે વાદીને કોઇ પણ જાતની તક આપ્યા વગર એકદમ મોટા અવાજે ઉશ્કેરાટમાં અપમાનજનક પંટા સાથે લવના કારણે પ્રતિવાદી નં.૧ વાળાએ જાહેરાત કરી કે " અરજણ શામજી ભગતે જે ટેકો આપેલ છે તે રદ જાહેર કરું છું અને આદેશ આપું છું કે, સભામાં અરજણ શામજી બેઠા હોય તે ચાલ્યા જાય." એટલું જ નહિ પરંતુ ત્યારબાદ ગુન્હાહિત જાહેરાત કરી કે " પ્ર પાટીદાર સમાજની કોઇ વ્યકિત કે સભ્યોએ અરજણ શામજી ભગત સાથે સામાજીક વ્યવહાર કરવો નહીં ". સમાજની વિશાળ હાજરી વચ્ચેની જાહેર સભા મધ્યે કોઇ પણ જાતનાં પ્રસ્તાવ વિના વગર વાંક ગુન્હા કે કારણે વાદીને તક આપ્યા વગર , નોટીશ આપ્યા વગર આપખુદશાહીભર્યું વલણ વર્તાવ દાખવી, આજીવન સભ્યનાં ટેકો આપવાના અધિકાર અને સભાજી કાર્યવાહીમાં હાજરી આપી ભાગ લેવાના આજીવન સભ્યનાં હકકને છીનવી લેવાનો કોઇ અધિકાર પ્રતિવાદી નં.૧ વાળાને ન હતો. ઉપરાંત તેજ સમયે વાદીના સભ્યપદને રદ કરવાની જાહેરાતને પણ રદ કરવાની જાહેરાત બિન-અધિકૃત શિસ્ત વિરુધ્ધનું પગલું ભરી વાદીનું જાહેરમાં અપમાન કરવાના ઇરાદાથી, માનહાની કરવાના ઇરાદાથી , સામાજીક રીતે તમામ સ્તરે માનહાની થાય તે રીતે હાથમાં કાયદો લઇ એકજ ઝાટકે વાદીને હડધુત કરી અને કાઢી મુકવા માટે આદેશ આપ્યો અને પ્રતિવાદી નં. ૨ વાળા આ સંસ્થાના ટ્રસ્ટી છે, તેઓએ ઉશ્કેરાઇ અને ધકકા મુકી કરી અને અપમાનજનક રીતે બધા ઉપસ્થિત સભ્યો - લોકો જોઇ શકે તે રીતે સમાજના સંકુલમાંથી વાદીને બહાર કાઢી મુકેલ.

૯) ઉપરોકત હકીકતે પ્રતિવાદી નં. ૧-૨ વાળાએ સમાજના જ્ઞાતીજનો વચ્ચે જે જાહેરમાં વાદી સાથે અપમાનજનક વર્તાવ કરી વાદીને સામાજીક આર્થિક નુકશાની કરેલ છે , જે ઘણી જ મોટી છે. પરંતુ આ દાવો વાદી ટોકન * વળતર તરીકે હાલના તબકકે લાવવામાં આવે છે.

૧૦) હકીકતમાં, આ બંને પ્રતિવાદીઓએ જે આબરૂહાનીનું કૃત્ય કર્યું છે તે ગુન્હાહિત કાર્ય આ વાદી સાથે અંગત રીતે તે કેપેસીટીમાં કરેલ છે. કારણ કે વાદીએ તા. ૧૮/૯/૦૨ ના રોજ ઉપરોક્ત સંદર્ભમાં જો સમાજની ઉપરોક્ત સભામાં કોઈ ઠરાવ મીનીટબુકમાં નોંધ કરવામાં આવી હોય તો તેની નોંધોની નકલની માંગણી પણ કરેલ, તેની ખરીનકલો વાદીને વાદીના ખર્ચે મળી જાય તે માટે નોટીશ કરેલ, જે નોટીશ ઉપરોક્ત સંસ્થાના પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડીયા, ટ્રસ્ટી શ્રી વાલજીભાઈ કે. શાંખલા - મંત્રી શ્રી વિગેરેને નકલો પાઠવી જાણ કરવામાં આવેલ. ઉપરોક્ત નોટીશ તા. ૧૮/૯/૦૨ ની ઝેરોક્ષ આ સાથે લીસ્ટથી રજુ છે. ત્યારબાદ તા. ૪/૩/૦૩ ના રોજ ફરીને દસ્તાવેજી આધારો વાદીને પુરા પાડવા માટે વિનંતિ કરતા પત્રો લખેલ, પરંતુ આવા કોઈ આધારો આજ લગી વાદીને પુરા પાડવામાં આવ્યા નથી. સ્પષ્ટ રીતે આ બંને પ્રતિવાદીઓએ ઉપરોક્ત હકીકત અને ગુન્હાહિત કાર્ય કરેલ છે, જેની નોંધ સમાજના દફતરે પણ લેવાઈ નથી, જે સ્પષ્ટ છે.

૧૧) આમછતાં અમો વાદી એક મોટા સમાજના આબરૂદાર સદસ્ય છીએ અને અમારી સામે અપમાનજનક બેઆબરૂ કરવાના ઈરાદાવાળું કનિષ્ટ વર્તન પ્રતિવાદીઓએ કરેલ છે, તે બાબત સમાજના અગ્રેવાનોને જાણ કરેલ, પરંતુ આજ લગી આ બાબતે કોઈ સ્પષ્ટતા ન થતા તેમજ આ પ્રતિવાદીપક્ષ તરફથી નોટીશની હકીકતે વર્તાવ ન કરતા અને તેથી આ દાવો તાત્કાલીક લાવવાની ફરજ વાદીને પડી છે.

૧૨) પરંતુ આ કામે જે ગુન્હાહિત આબરૂહાનીનું કનિષ્ટ પ્રકારનું કૃત્ય આ પ્રતિવાદીઓએ કરેલ છે તે બદલ ફોજદારી કાર્યવાહી કરવાના અમારા હકકો અબાધીત રાખી આ દાવો લાવીએ છીએ.

૧૩) હકીકતમાં, પ્રતિવાદી નં. ૧-૨ વાળાના અપમાનીત વર્તાવના કારણે જ્ઞાતીમાં સમાજમાં વાદીને હલકા પાડવા જે કૃત્ય કરવામાં આવેલ છે તેથી વાદી તથા તેના કુટુંબના માણસોને ખુબજ સહન કરવું પડે છે.

૧૪) અમારા કચ્છ પાટીદારના લોકો કચ્છના અલગ અલગ ગામોમાં તેમજ કચ્છથી બહાર તથા ગુજરાત બહાર પણ વસવાટ કરે છે. પરંતુ આ બનાવ બાદ જ્યારે આ વાદીને કે તેના કુટુંબને સારા માઠા પ્રસંગે સમાજીક કૌટુમ્બીક પ્રસંગે જવાનું હોય તેવા વખતે અમોને આમંત્રણ પણ બંધ કરેલ છે. તેમ માઠા પ્રસંગે બેસણામાં જવાના પ્રસંગે અમારી સાથે શોકનો વહેવાર કરવાના બદલે પડખેથી ઉઠીને લોકો ચાલ્યા જાય છે. તે તમામ હકીકતની તપાસ કરતા ઉપરોક્ત બનાવમાં પ્રતિવાદીએ જાહેરમાં સમાજ વચ્ચે ઉતારી પાડતા તેના કારણે અમને માનસિક દુઃખ અને નીચા જોવા પણું થાય છે. તેવી જ પરિસ્થિતિ અમો વાદીના પરના લોકોની થાય છે.

૧૫) એટલું જ નહીં પરંતુ આણંદસર મુકામે જે સાર્વજનીક હોસ્પિટલ બંધાય છે, તેનો વાદી પ્રમુખ છે, પરંતુ આ હોસ્પિટલ અંગે ફંડ ફાળો કરવાના પ્રસંગે ફંડફાળા સમિતિના અન્ય સદસ્યો નાસીક વિગેરે સ્થળોએ લઇ જવા નારાજગી વ્યકત કરી એ અને જણાવેલ કે , સમાજની જનરલ સભાના બનાવના કારણે તમોને (વાદીને) સાથે રાખશું તો નુકશાન થાશે. તેથી અમને તમામ સ્તરે ઉપરોકત બનાવ ના પરીણામરૂપ દુર રાખવામાં આવે છે, ચાલુ દાવે અન્ય હકીકતો પણ રજુ કરવામાં આવશે. અમો વાદીના સગા સબંધી મિત્ર વર્તુળ, ક્ષેત્રીના દોત્રમાં પ્રતિવાદીઓએ કરેલ અમો વાદીની જાહેરમાં આબરૂ હાની કરેલ, તેથી આર્થિક માનસિક, સામાજીક અને કૌટુંમ્બીક દોત્રે પણ ખુબજ માઠી અસર તમારા ગુન્હાહીત દુષ્કૃત્યના કારણે થઇ છે.

૧૬) અનો વાદીએ નવા વરાયેલા પ્રમુખશ્રી વાલજીભાઇ વાડીયાને ટેલીફોનથી જાણ કરેલ, એના તરફથી કોઇ પ્રતિભાવ ન મળતા નાછુટકે રજી.એ.ડી. થી વિગતવારનો અલગ પત્ર પણ વાદીએ લખેલ છે.

૧૭) જયારે આ બનાવ બન્યો ત્યારે તારીખ ૨૮/૮/૦૨ ના રોજના કચ્છમિત્રમાં તમામ હકીકત જાહેર કરતો ' જાહેર ખુલાસો ' કચ્છ કડવા પાટીદાર સતપંથ સેવા સમિતિના પ્રમુખશ્રી પટેલ પચાણ કરશન તથા પટેલ જેઠાભાઇ કાનજીએ પ્રગટ કરાવેલ. તેજ પ્રમાણે વાદીએ તા. ૧૮/૯/૨૦૦૨ ના તથા તારીખ ૪/૩/૦૩ ના રોજ પ્રતિવાદીને નોટીશ કરેલી. જે નોટીશ પ્રતિવાદીને બજેલ છે. જે નોટીશનો કોઇ સંતોષકારક જવાબ આપવામાં આવેલ નથી.

૧૮) તા. ૨૫/૮/૦૨ ના રોજનો જે બનવ જનરલ સભામાં જે બન્યો તેને કડવા પાટીદાર સમાજના મુખપત્રોએ પણ ખુબ પ્રસિધ્ધી આપી છે. '' પાટીદાર સૌરભ '' સપ્ટેમ્બર -૨૦૦૨ ના અંકમાં પણ આ સભા બાબતે - ' અરજણ શામજી આણંદસર સભામાં બેઠા હોય - સભા સ્થળ છોડી ચાલ્યા જાય ' તેવા મથાળા તળે સમાચારો પ્રગટ કરાવામાં આવેલ છે. આ તમામ સમાજના મુખપત્રો કચ્છ તેમજ કચ્છથી બહાર પ્રગટ થયા છે અને તે રીતેં આ હકીકતની પ્રસિધ્ધ કચ્છ, ગુજરાત અને ભારતભરમાં થઇ છે. હકીકતે કોટડા(જડોદર) નખત્રાણા મુકામે સતપંથ સમાજ અને લક્ષ્મીનારાણ સમાજ વચ્ચે ચાલતા મતભેદો અને કોર્ટ કેશોના કારણે પ્રતિવાદી નં. ૨ વાળની ઉશ્કેરણીથી આ સમગ્ર બનાવ બનેલો છે. આજ સમયે કોટડા (જડોદર)ના સતપંથી સમાજને માનનારા ૯ ઘરોનો સામાજીક રીતે બહિષ્કાર કરવા કરાઇ જાહેર કરવામાં આવેલ. હકીકતે કોટડા (જડોદર)ના કેશ સાથે વાદીને કશી નિસ્બત નથી જુ જે સ્પષ્ટ છે.

૧૯) ઉપરોક્ત હકીકતે વાદીને માનસિક ત્રાસ આપવામાં આવેલ છે. સામાજીક બહિષ્કારનાં કારણે આર્થિક પરિસ્થિતિને નુકશાન થયેલ છે, તેમજ કૌટુમ્બીક પ્રશ્ને ક્ષેત્રે, વ્યવસાયીક ક્ષેત્રે, તથા સામાજીક ક્ષેત્રે નુકશાન થયેલ છે, તેનાં કારણે ખુબજ મોટી નુકશાની - આબરૂહાની - માનહાનીનાં પરીણામ-સ્વરૂપ થયેલાં છે. પરંતુ ટોકન વળતર તરીકે આ દાવો રૂા. XX ૧,૧૦,૦૦૦/- (એક લાખ દસ હજાર) ની રકમનો લાવવામાં આવે છે.

૨૦) સ્પષ્ટ રીતે આ દાવો ઉપરોક્તહકીકતોએ પ્રતિવાદીની કસુરનાં કારણે લાવાની ફરજ વાદીને પડી છે, તેથી આ દાવાનું સમગ્ર ખર્ચ વાદી પ્રતિવાદીઓના પાસેથી વસુલ લેવા અધિકારી બને છે.

૨૧) આ દાવાનું કારણ - પ્રતિવાદીઓએ ઉપરોક્ત હકીકતે તારીખ ૨૫/૮/૦૨ નાં રોજ મળેલ અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની જનરલ સભામાં જાહેરમાં વાદીને અપમાનીત કરી, આબરૂહાની કરી, તેની સામાજીક, કૌટુમ્બીક, વ્યવસાયીક ક્ષેત્રે નુકશાન થાય તે રીતેનું જાહેરમાં કૃત્ય કરી, નુકશાન પહોંચાડી, ત્યારબાદ વાદીએ તા. ૧૮/૯/૦૨ નાં રોજ તથા તા. ૪/૩/૦૩ નાં રોજ કાયદેસરની નોટીસો પ્રતિવાદીને આપવા છતાં, તથા તે નોટીસો તેમજે મળી જવા છતાં પણ તે હકીકતે સંતોષકારક જવાબ નહીં આપતાં કે વર્તાવ અમલ નહીં કરતાં તે રીતે ઉત્પન્ન થયું છે અને જે ચાલુમાં છે.



૨૨) આ કામે તા. ૨૫/૮/૦૨ ની સભા નખત્રાણા-કચ્છ મુકામે મળેલી તેમજ દાવા અરજીની હકીકતે આ દાવાનું કારણ પણ નખત્રાણા-કચ્છ મુકામે ઉત્પન્ન થયેલ છે અને XX તેથી આ દાવો ચલાવવાની હકુમત તે રીતે આપ નામદારની કોર્ટને પહોંચે છે.

૨૩) આ દાવો રૂા. ૧,૧૦,૦૦૦/- ની નુકશાની વસુલાત કરવાનો છે અને તે સંજોગોમાં આ દાવો રૂા. ૬૧૫૦/- ની કોર્ટ ફી સ્ટેમ્પ પર લાવવામાં આવે છે.

૨૪) આ દાવાનો આંક વેલ્યુએશન - જ્યુરીસડીકશન પરપજ માટે રૂા. ૧,૧૦,૦૦૦/- નો બાંધવામાં આવે છે.

૨૫) આ દાવા ચલાવવા પીક્યુનરી જ્યુરસડીકશન આપ નામદાર સાહેબની અદાલતને પહોંચે છે.

૨૬) આ દાવો મુદતની અંદર છે.

...૭

:: ૭ ::

૭) આથી વાદીની માનશર અરજ કે, આ કામે પ્રતિવાદીઓને આપ નામદાર સાહેબની કોર્ટ સમક્ષ રૂબરૂમાં બોલાવી અને :-

(૧) પ્રતિવાદીઓએ દાવા અરજીની હકીકતે વાદીની જાહેરમાં માનહાની - આબરૂહાની કરેલ છે, તે બદલ નુકશાન - વળતરનાં રૂા. ૧,૧૦,૦૦૦/- (એક લાખ દસ હજાર) પ્રતિવાદીઓ વાદીને આપે તેવું હુકમનામું કરી આપવા વિનંતી છે. તથા આ નુકશાન વળતરની રકમ જયાં સુધી પ્રતિવાદીઓ પુરેપુરી ન ચુકાવે ત્યાં સુધી તેનાં પર વાર્ષિક ૧૮% લેખે દાવા તારીખથી વ્યાજ અપાવવા હુકમ ફરમાવશો.

તથા

(૨) આ દાવાનું સઘળું ખર્ચ વાદીને પ્રતિવાદી પાસેથી અપાવવા હુકમ ફરમાવશો તથા મળી શકતી કાયદેસરની દાદ રાહત અપાવવા હુકમ ફરમાવશો.

ભુજ-કચ્છ.

તા. ૨૨/૮/૦૩

વાદી



એફીડેવીટ તાત્કાલીક ઉપયોગ માટેની

આથી અમો વાદી અરજણભાઇ શામજી ભગત, ઉ.વ. ૭૭ ધંધો : ખેતી રહે. ગામ : આણંદસર તાલુકો ભુજ-કચ્છવાળા અમારી ધર્મપ્રતિજ્ઞા ઉપર જણાવીએ છીએ કે ઉપરોક્ત દાવા અરજીમાં જણાવેલી તમામ હકીકતો અમારા જાણવા મુજબની ખરેખરી અને સાચી છે, જે અમારા પવિત્ર સોગંદ પર જાહેર કરીએ છીએ.

ભુજ-કચ્છ.

રજુ તા. ૨૨/૮/૦૩

વાદી

રજુ કરનાર તથા ઓળખ આપનાર :-

KRBuch
(કે. આર. બુચ)
તે વાદીનાં એડ્વોકેટ.

Solemnly affirmed before me by
Shri
Who is identified before me by
Shri
to whome I personally know
REGISTRAR
C. J. S. D. Court
Bhuj-Kachchh
Bhuj-Kachchh
Dt.

Presented on 22 day of 8 2003
Shri. B. R. Barot advocate
for plaintiff (D.H.) Applicant.

REGISTRAR
Civil Judge (Sr. Dn.) Court.
Bhuj - Kachchh.
22-8-03

Examined and ordered to be
registered as S.C.C. Suit

REGISTRAR
Civil Judge (Sr. Dn.) Court.
Bhuj - Kachchh.
22-8-03

Transferred to 2nd Joint civil Judge
(S. Dn.) Bhuj. for Disposal
according to Law.

22/8/03

Civil Judge (S.D.) Bhuj.
22/8/03

Summons Under / Order 5, Rule 1-5
C.P.C. for settlement of Issues/Final
Disposal be Issued against Defendant

22/8/03 2nd Civil Judge (S. D.)
Bhuj - Kachchh.

Order

Suit is disposed off as
withdrawn by plaintiff's Advocate ! the plaintiff's ...
... exh. 16, 2/3 Court fee to be refund to the plaintiff.
No order as to costs.

17-1-04

COURT OF CIVIL JUDGE (Sr. Dn.) BHUJ-KACHCHH

પુરસીસ

નામદાર શ્રી સીવીલ જજ (સીનીયર ડીવીઝન) સાહેબની કોર્ટમાં, ભુજ-કચ્છ.

સ્પે. દિવાની દાવા નં. ૫૬/૨૦૦૩

પટેલ અરજણ શામજી ભગત
રહે. ગામ : આણંદસર તા. ભુજ-કચ્છ. :: વાદી

વિરુધ્ધ

૧) ખીમજી લખમશી લીંબાણી
રહે. ભુજ નખત્રાણા-કચ્છ, હાલ : કલકત્તા.
૨) વેલજીભાઇ ઉર્ફે અરવિન્દ કરશન લીંબાણી
રહે. કોટડા (જડોદર) તા. નખત્રાણા-કચ્છ :: પ્રતિવાદીઓ

બાબત :- વાદીને થયેલ માનહાની - આબરુહની બદલ વળતર મળવા અંગે..

આથી આ કામે અમો વાદીની માનસરની અરજ કે, આ દાવામાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનો પ્રશ્ન હતો, સમસ્ત સમાજનો પ્રશ્ન હોતાં સમાજનાં હિતેચ્છુ આગેવાનો વિગેરે સાથે પરામર્શ થતા કચ્છ કડવા પાટીદાર સમાજમાં સલાહ સંપ અને ભાઇચારો જળવાય તેવા શુભ હેતુથી આ દાવો હું વીનશરતી પાછો ખેંચી લઉં છું. કોર્ટ ફી રીફન્ડ કાયદેસર રીતે મળે તે વાદીતર્ફે વકીલશ્રીનાં નામે ઇસ્યુ થવા વિનંતી છે. આ દાવો આજરોજ અમો પાછો ખેંચતા હોઇ કામ બંધ થવા વિનંતી છે.



ભુજ-કચ્છ.
તા. ૧૩/૧/૨૦૦૪

(પટેલ અરજણ શામજી ભગત)

રજુ કરનાર :-

(કે. આર. બુચ)
તે વાદીનાં એડવોકેટ.

Fix for hearing 13/01/04

II Jt. C. J. (S.D.)
Bhuj-Kachchh

:: ખર્ચનું ટેબલ ::

મે.નામદારશ્રી એડી. શીવીલ જજ (એસ.ડી.)સાહેબની કોર્ટમાં, ભુજ - કચ્છ.

સ્પે. રેગ્યુલર /સ્પે. દિ.દા.નાં.
૨૯/૨૦૦૩

પટેલ અરજણભાઈ શામજી ભગત,
ઉ.વ. ૫૭, ધંધો: ખેતી, રે.ગામ,
આણંદસર, તા. ભુજ-કચ્છ.

... વાદી/અરજદાર.

વિ.

૧. ભીમજીભાઈ લખમશી લીંબાણી,
ઉ.વ. ૬૫, ધંધો: વેપાર, રે.મુળ - નખત્રાણા - કચ્છ હાલે કલકત્તા,
૨. દિલ્પભાઈ ઉર્ફે અરવિંદ હરસન લીંબાણી,
ઉ.વ. ૫૨, ધંધો: ખેતી,
રે.ગામ, કોટડા (જડોદર) તા.નખત્રાણા-કચ્છ.

... પ્રતિવાદી/સામાવાળા

આજરોજ વાદીએ આ દાવો ચાર્ક - ૬૬ વાળી પુરસીસ મુજબ પાછો ખેચી લેતા / આજરોજ વાદીની ગેરહાજરીને કારણે ચાર્ક- ૧ તળે થયેલ હુકમ મુજબ ખર્ચનું ટેબલ તૈયાર કરવામાં આવ્યુ.

ખર્ચનું ટેબલ

વાદીને થયેલ ખર્ચ	રૂા.પૈ.	પ્રતિવાદીને થયેલ ખર્ચ	રૂા.પૈ.
૧. અરજી પરનો સ્ટાંપ	૬૧૫૦=૦૦	૧. વકીલાતનામાનો સ્ટાંપ	૨=૦૦
૨. વકીલાતનામાનો સ્ટાંપ	૨=૦૦	૨. વકીલાત ફી	૭૭૩=૦૦
૩. વકીલાત ફી	૭૭૩=૦૦		
૪. પરચુરણ ખર્ચ	૩૯=૦૦		
કુલ	૬૯૩૦=૦૦		૭૭૫=૦૦
કોર્ટ ફી રીફંડ			
કુલ..			

આજ તારીખ ૧૭ મી માહે જાન્યુઆરી સને ૨૦૦૪ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યુ.

તપાસ્યુ બરાબર છે.

૨૧/૫/૦૪
(આમ.જી.પરમાર)
એડી. સીવીલ જજ (એસ.ડી.)
ભુજ-કચ્છ.

રજીસ્ટ્રાર
સીવીલ જજ (એસ.ડી.) ભુજ-કચ્છ

આસીસ્ટન્ટ

કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ અંકે રૂા. ૪૨૦૦/- નું વાદીના વકીલ શ્રી. કે. એચ. ઠક્કર .... ના નામનું ઈસ્યુ કરવામાં આવ્યુ.

સીવીલ જજ (એસ.ડી.)
ભુજ-કચ્છ

TRUSTEE ELECTION FOR THE YEAR (2002-2005)

DATE : 29-09-2002 SUNDAY

TIME : ~~9~~ 10 A.M. TO 1 P.M.

5-6

To,

KHIMJI LAKHANSHI PATEL
83 DIAMOND HARBOUR ROAD
SAHAPUR, KOLKATA-700 038
P.7 15

SREEMAA AIR COURIER
PH:-234-2508
SPECIALIST FOR NEPAL
14/9

From :

Phone : 475-5811/2123

Sri Laxminarayan Mandir Society
42, SARAT BOSE ROAD,
KOLKATA-700 020

૯૫૨ નું અરજણભા એમ અને વિરાજ
અખંડ દાસ-શ્રી ભીમરાજજી
દાવો પાછો ખેંચી લીધો.

તા. ૧૩/૯/૨૦૦૪

ક્રિ.નં. ૩૩૯૨/૨૦૦૧
જુ. તા ૨૯ C.P.C. ૨૦૦૨

(G. P. V.) (J) 150-6,00,000-1-2000-BA
G. R. J. D. No. 5713 of 6-10-11)

નમૂના નંબર (૧ ક્રિ. પ્રો. કોડનું પરિશિષ્ટ ૫)

ખીમજી લખમશી જાબાત્રી ના રહેવાસી મુ. નખત્રાણા કચ્છ ભુજ

જોગ

જે અર્થે

ઇ.પી.કો. ૨૯૫,૧૧૪ ગુનાના તહોમતનો જવાબ દેવા સારૂ

તમારે હાજર થવું જરૂરી છે. માટે તમને આ સમન્સ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમે જાતે (અથવા વકીલની મારફત પ્રથમ વર્ગ ન્યાયાધીશ ના મેજિસ્ટ્રેટની આગળ સને ૨૦૦૨ ના જુન. મહીનાની ૨૦ તારીખે હાજર થજો, એ પ્રમાણે કરવામાં કસૂર કરશો નહિ.

આજ તારીખ ૧ માહે મે સને ૨૦૦૨ ।



મેજિસ્ટ્રેટ

સી.પી.સી. ઓ. ૩૯ રુલ ૧-૨ તથા કલમ ૧૫૧ તળે દરમ્યાન
મનાઈ હુકમ ની અરજી.

નામદારશ્રી સિવિલ જજ (જુ.ડી.) સાહેબની કોર્ટમાં, નખત્રાણા-કચ્છ.
દિ. દા. નં. ૧૯ /૯૭

શ્રી પટેલ મેઘજી પ્રેમજી દિવાણી,
ઉ.વ. ૫૫ આ., વ્ય.- વેપાર,
ઠે કોટડા (જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ
મંદિર ના પ્રમુખશ્રી, મુ.પો. કોટડા (જ.)
તા. નખત્રાણા-કચ્છ. ..... વાદી

વિરુધ્ધ,

(૧) શ્રી નારાયણ પ્રેમજી છાભૈયા,
ઉ.વ.૪૨ આ., વ્ય.- ખેતી

(૨) શ્રી મેઘજી મુળજી લીંબાણી,
ઉ.વ. ૪૭ આ., વ્ય.- વેપાર,

(૩) શ્રી સોમજી જીવરાજ ભગત,
ઉ.વ. ૬૮ આ., વ્ય.- ખેતી,

(૪) શ્રી રામજી કરશન ભગત,
ઉ.વ. ૬૦ આ., વ.- ખેતી,

રહે. બધા ગામ કોટડા (જ.)
તા. નખત્રાણા-કચ્છ. .... પ્રતિવાદીઓ

દરમ્યાન મનાઈ હુકમ મળવા અરજ.

સદરહુ કામે વાદી ની માનસર નમ્ર અરજ નીચે મુજબ છે.

(૧) અમો વાદી તે કોટડા (જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદિરના પ્રમુખ તથા ટ્રસ્ટી છીએ અને પ્રમુખની રુએ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ આ દાવો ચાલેલ છે.

૨......

[illegible] 221 [illegible]

અરજી રજૂ કરનારની ... નં. 1282

[illegible] 12-5-67 ને રોજ અરજી રજૂ કરી [illegible]

રજીસ્ટ્રાર ક્રમ નાઝીર 13-6-67

[illegible] તારીખ 12-5-67 [illegible]

રજીસ્ટ્રાર ક્રમ નાઝીર 13-6-67

નકલ ... તૈયાર થયાની તારીખ 13-5-67 [illegible]

[illegible]

રજીસ્ટ્રાર ક્રમ નાઝીર 13-6-67

નકલ આપ્યાની તારીખ 13-5-67

[illegible]

રજીસ્ટ્રાર ક્રમ નાઝીર, નખત્રાણા કોર્ટ

13-6-67

:: ૨ ::

(૨) આ કામના પ્રતિવાદીઓ અમો વાદી ના ગામના રહીશ છે.

(૩) આજથી ૧૨ વરસ પહેલા તા. ૩૧/૩/'૮૫ ના રોજ અમારા ગામમાં અન્ય એક ટ્રસ્ટ કે જે શ્રી કોટડા (જ.) જ્યોતિબાધામ મંદિર ટ્રસ્ટના નામે ઓળખાતુ હતુ તેના સભ્યો ની મીટીંગ બોલાવવામાં આવેલ અને તે જનરલ મીટીંગમાં ઠરાવ કરવામાં આવેલ કે, સદરહુ શ્રી કોટડા (જ.) જ્યોતિબાધામ મંદિર ટ્રસ્ટ નાનુ ટ્રસ્ટ છે તેથી આ ટ્રસ્ટે શ્રી કોટડા (જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ માં ભળી જવુ કારણ કે, સામાજીક રીતે ધાર્મીક રીતે તથા અન્ય ઘણી રીતે આપ। શ્રી કોટડા (જ.) જ્યોતિબાધામ મંદિર ટ્રસ્ટના સભ્યોને મુશ્કેલી પડે છે એટલુ જ નહી પરંતુ સંસ્થાના ધ્યેયઅને પ્રવૃતિને લક્ષામાં લઈ અલગ અસ્તિત્વ રાખવુ યોગ્ય નથી તેવુ બધા સભ્યોને જણાયેલ છે અને તેથી શ્રી કોટડા (જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ ને પણ પત્ર લખી તેમની જનરલ સભા આપણને તેમના માં મેળવી છે તેમજ આ ટ્રસ્ટ ની સંપૂર્ણ મીલ્કત પણ સામેલ કરે તેવી કાર્યવાહી કરવા સભાએ સર્વાનુમતે ઠરાવેલ જે ઠરાવમાં કેટલાક કાર્યકર્તાઓને આ અંગે કાર્યવાહી કરવા સતા આપવામાં આવેલ જે ઠરાવની ઝેરોક્ષ આ સાથે માર્ક ૩/૧ થી રજુ છે આ ઠરાવમાં પ્રતિવાદી નં. ૨-૩-૪ વાળા ની સહીઓ અનુક્રમે (૧૬) (૧૦) તથા (૮) પર છે.

(૪) શ્રી કોટડા (જ.) જ્યોતિબાધામ મંદિર ટ્રસ્ટના તે તારીખ : ૩૧/૩/'૮૫ ના ઠરાવ બાદ તેમાં જણાવેલ કાર્યકર્તાઓ તથા ટ્રસ્ટીઓએ અમો વાદી ના ટ્રસ્ટ ને તા. ૨/૪/'૮૫ ના રોજ પત્ર લખીને સાદર વિનંતી સહ જણાવેલ કે, - અમારું ટ્રસ્ટ શ્રી કોટડા (જ.) જ્યોતિબાધામ મંદિર ટસ્ટ સંપૂર્ણ પણે વિલીનીકરણ ભળી જવા માંગે છે જે તા. ૨/૪/'૮૫ ના પત્ર ની ઝેરોક્ષ આ સાથે માર્ક ૩/૨ રજુ છે જેમાં પણ આ કામના પ્રતિવાદી નં. ૩ વાળા ની સહી છે.

(૫) તા. ૨/૪/'૮૫ વાળા પત્ર બાદ અમો વાદી ટ્રસ્ટ ની જનરલ મીટીંગ તા. ૧૦/૪/'૮૫ ના રોજ મળેલ જેમાં સર્વ સભાસદોની મંજુરી થી એવો ઠરાવ કરવામાં આવેલ કે, '' મજકુર જ્યોતિબાધામ મંદિર ટ્રસ્ટના તમામ સભ્યોને આ સંસ્થાના ધ્યયે મુજબ વર્તવાનુ રહેશે અને આ સંસ્થાની તમામ પ્રકારે ઉન્નતી થાય તેમ કરવાનુ રહેશે.

૩.....

:: ૩ ::

તેમજ મજકુર સંસ્થાની તમામ પ્રકાર ની મિલ્કત ચેરીટી કમીશ્નર ની સાહેબની મંજુરી મળ્યે આ સંસ્થામાં સામેલ કરવાની રહેશે અને મજકુર XXX ટ્રસ્ટ નુ કોઈ અલગ અસ્તિત્વ નહી રહે તે રીતે મંજુરી આપવામાં આવેલ જે ઠરાવમાં અમારા ગામના ૧૪૩ જણા કે જે તે સમયે સભ્યો હતા તે ઉપસ્તિ રહ્યા હતા. તેમજ તેમના સહી વાળા ઠરાવ ની ઝેરોક્ષ આ સાથે માર્ક ૩/૩ થી રજુ છે.

(૬) આમ અમો વાદી ટ્રસ્ટે શ્રી કોટડા (જ.) જ્યોતિબાધામ મંદિર ટ્રસ્ટ કે જેના ટ્રસ્ટ નં. રજી.નં. એ -૯૫૬ હતા તેને અમારા ટ્રસ્ટ માં વીલીન ભેળવી દેવાની કાર્યવાહી શરુ કરેલ અને જેના ભાગ રુપે તા. ૬/૫/'૮૫ ના રોજ આસી. ચેરીટી કમીશ્નરશ્રીની કચેરી ભુજ-કચ્છ ખાતે અરજી કરેલ એટલુંXX જ નહી પરંતુ તે વખતે અમોએ ટ્રસ્ટીઓએ વકીલ રાખી સંયુક્ત ચેરીટી કમીશ્નરશ્રીની કચેરી રાજકોટ ખાતે આ અંગે સ્કીમ અરજી નં. ૧/૯૦ વાળી કરીને શ્રી જ્યોતિબાધામ મંદિર ટ્રસ્ટ ને અમારા ટ્રસ્ટમાં ભેળવવાનો અને તે સમયે શ્રી કોટડા (જ.) જ્યોતિબાધામ મંદિર ટ્રસ્ટ ની તમામ મીલ્કત શ્રી કોટડા (જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદિર ની મીલ્કતમાં દાખલ કરવાનો હુકમ મેળવેલ જે અરજી તથા હુકમ ની ઝેરોક્ષ આ સાથે માર્ક ૩/૪ અને ૩/૫ થી રજુ છે. આમ અમો વાદી ટ્રસ્ટ ના કબજા - ભોગવટા અને વાપર અને ઉપયોગ માટે શ્રી કોટડા (જ.) જ્યોતિબાધામ મંદિર ટ્રસ્ટXXતમામ મીલ્કત સોંપવામાં આવેલ અને તા. ૧૩/૫/'૯૩ થી શ્રી કોટડા (જ.) જ્યોતિબાધામXમંદિર ટ્રસ્ટ નુ અસ્તિત્વ પૂર્ણ થયેલ છે. હાલે X આ પ્રકાર નુ કે નામનુ કોઈજ ટ્રસ્ટ નથી.



(૭) આ કામનાં પ્રતિવાદીઓ ખુબજ લાગવગ વાળા, પૈસા વાળી તેમજ માથાભારે વ્યક્તિઓ છે અને અમારા ગામમાં ખોટો પ્રચાર કરી ગેરકાયદેસર રીતે અમારી ટ્રસ્ટ ની મીલ્કત તેમજ જગ્યા પચાવી પાડવા ઇચ્છે છે અને ખોટા દસ્તાવેજો ઉભા કરીને આ શ્રી કોટડા (જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ ની મીલ્કત ઓળવી જવા પ્રયત્નીશીલ છે અને અમારો કબજો ગેરકાયદેસર રીતે અડચણ અંતરાય કરી ઘસી લેવા માંગે છે જે અંગે અમોએ તેમજ અન્ય સભ્યોએ તેમને અવાર નવાર સમજાવતા માને તેમ નથી અને આપ ના. કોર્ટ XXX ના હુકમ વિના દાદ આપે તેમ નથી.

૪.....

:: ૪ ::

(૮) અમો વાદી શ્રી કોટડા (જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટના પ્રમુખ છીએ અને આ વાદગ્રસ્ત મીલ્કત અમારા હસ્તક છે. જેથી તેની યોગ્ય જાળવણી તેમજ જવાબદારી અમારી છે અને આ જગ્યા પર અમારો પ્રથમ દર્શનીય કે હકક હોવાથી જાળવણી ની બાબતે પ્રથમ દર્શનીય કેસ પણ અમારો થાય છે. જ્યારે આ જગ્યામાં પ્રતિવાદી જ ાવે છે તે મુજબ નુ કોઈજ અસ્તિત્વ ન હોવાથી તેમજ પ્રતિવાદીઓ કોઈજ જવાબદાર અધિકારી પદ ધરાવતા ન હોવાથી ટ્રસ્ટ ની મીલ્કતમાં તેમનો કોઈજ હકક હીસ્સો કે ભાગ નથી તેમજ તેમને કબજો કરવામાં કે અડચણ અંતરાય કરવાનો હકક નથી તેથી જો તેમને રોકવામાં ન આવે તો આખા ગામની તેમજ દરેક સભ્યોની ધાર્મીક લાગણી દુભાય તેમ છે એટલુ જ નહી પરંતુ ધાર્મીક અરાજકતા વધુ ફેલાય તેમ છે અને તેની અસર એવી થાય કે જે નાણામાં પણ ન વરતી શકાય જેથી પારાવાર નુકશાની અમને થાય તેમ છે. અને આ ધર્મની લાગણી નો પ્રશ્ન હોવાથી અમો ~~xx~~ પોલીસ કે અન્ય કોઈ સંખ્યાબળ નો ઉપયોગ કરવા માંગતા નથી તેમજ વાદગ્રસ્ત જગ્યા ની કાયદેસર માલીકી કબજો અમારા હસ્તક હોવાથી અમારો પ્રથમ દર્શનીય કેશ છે.

(૯) અમો વાદી ની હકીકત પ્રમાણે પ્રતિવાદીઓને રોકવામાં ન આવે તો અમો વાદી ટ્રસ્ટ ને ખુબજ અગવડતા થાય તેમ છે તેમજ નાના ગામમાં પણ અસામાજીક વ્યવસ્થા જળવાય તેમ નથી.

ઉપરોકત વિગતે વાદી ની માનીર અરજ કે આ કામના ~~xxxxxxxx~~ પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકર ચાકર કે ~~x~~ એજન્ટો કે અન્ય વ્યકતઓ આ દાવા ના આખરી નિકાલ સુધી અમો વાદી ટ્રસ્ટ ના સભ્યોને કે અમને શ્રી કોટડા (જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ ની મીલ્કતનો ~~વ~~ાપર ઉપયોગ કે કબજામાં અડચણ અંતરાય કે અટકાયત કેરે નહી કે કબજો ઘસી ન લે તેવો આ દાવાનાં

૫.....

:: ૫ ::

આખરી નિકાલ સુધી દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.

તા. ૨૯/૫/'૯૭

પ્રમુખશ્રી,
શ્રી લક્ષ્મીનારાયણ મંદિર કોટડા

નખત્રાણા-કચ્છ.

-: સોગંદનામું :-

અમો વાદી પટેલ મેઘજી પ્રેમજી, દિવાણી, ઉ.વ. ૫૫ આ., વ્ય.- વેપાર, રહે. કોટડા (જડોદર) તા. નખત્રાણા ધર્મે : હિન્દુ આ સોગંદનામાથી જાહેર કરુ છું કે, ઉપર જણાવેલ તમામ હકીકત મારા જાણવા તથા માનવા મુજબ સત્ય અને ખરી હોઈ આ સોગંદનામાથી આજરોજે મારી ધર્મ પ્રતિજ્ઞા પર જાહેર કરુ છું.

તારીખ : ૨૯/૫/'૯૭

પ્રમુખશ્રી,
શ્રી લક્ષ્મીનારાયણ મંદિર કોટડા

નખત્રાણા-કચ્છ.

ઓળખ આપનાર / રજુ કરનાર

Solemnly affirmed before me by
Shri Patel Meghji Premji
who is identified before me by
Shri Y.D. Bhanderi
whom I personally know
Dated :- 29-5-97



Order

Heard advocate of the Plaintiff, issue urgent show cause notice returnable on 30-5-97 at 3.30 P.m. on U. Pot.. ch Process
Dt 29.5.'97

રેગ્યુલર દિવાની દાવા નંબર:૧૫/૯૯.

અંક:૫ની સી.પી.સી.ઓર્ડર:૩૯ રુલ્સ:૧-૨ તથા કલમ-૧૫૧ હેઠળની - વાદીની દરમ્યાન મનાઈહુકમ મળવા માટેની અરજી તો હુકમ:-

૧. આ કામના વાદી તરફથી આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલનો અંક:૧ વાળો દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઈહુકમ મળવા અંગેનો દાખલ કરી, તે દાવાના આખરી નિકાલ વખતે વાદી તરફથી હાલની અંક:૫ની અરજી સી.પી.સી.ઓર્ડર:૩૯ રુલ્સ:૧-૨ તથા કલમ-૧૫૧ અન્વયેની રજુ કરી તેમાં જણાવેલ પેરા-૧થી ૯માં વર્ણવેલ સમગ્ર હકીકતો અને લંબાણપૂર્વકના કારણોસર કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકર-ચાકર કે એજન્ટો કે અન્ય વ્યક્તિઓ આ દાવાના આખરી નિકાલ સુધી વાદી ટ્રસ્ટના સભ્યોને કે વાદીશ્રી કોટડા - (જડોદર) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદીર ટ્રસ્ટની મિલકતો ઉપયોગ કે કબજામાં અડચણ-અંતરાય કે અટકાયત કરે નહીં કે કબ્જો ઘરી ન લે તેવો આ દાવાના આખરી નિકાલ સુધી દરમ્યાન મનાઈહુકમ ફરમાવવા અરજ કરેલ છે.



૨. આ કામના પ્રતિવાદીઓને **અરજન્ટ** નોટીસ કાઢતાં, જે પ્રતિવાદીઓને યોગ્ય રીતે બજી જતાં, પ્રતિવાદીઓ તરફથી વાદીની અંક:૫ની અરજીનો જવાબ અંક:૧૨થી રજુ કરી તેમાં જણાવેલ પેરા-૧ થીકમાંની સમગ્ર હકીકતો અને લંબાણપૂર્વકના કારણોસર વાદીની દરમ્યાન મનાઈહુકમની અરજીની તમામ હકીકતોનો સામાન્યપણે ઇન્કાર કરેલો છે અને તેમના જવાબમાંની સમગ્ર હકીકતોએ વાદીનો પ્રાથમદર્શી કેસ મર્જ

..૨..

-ક્ષેત્ર નથી.વળી સગવડ-અગવડનું પલ્લુ પણ વાદીની તરફેણમાંથી -
પ્રતિવાદીઓ તરફે વધુ છે. કારણકે, પ્રતિવાદીઓ તથા તેના અનુયાયીઓ
ફક્ત ધાંર્મિક સેવાપૂજા માટે જ જ્યોતિધામ મંદીરનો ઉપયોગ કરે છે.
જેથી જો દરમ્યાન મનાઈહુકમ આપવામાં આવે તો, વાદીની તરફેણમાંથી
-માં પ્રતિવાદીઓને નાણાંથી ન વળી શકે તેટલું નુકશાન થશે તેમજ -
જો વાદીને દરમ્યાન મનાઈહુકમ આપવામાં આવે તો, પ્રતિવાદીને
નાણાંથી ન વાળી શકાય તેટલું નુકશાન થશે.જેથી વાદીની આ અરજી
ખર્ચ સહીત નામંજુર કરવા પ્રતિવાદીઓ તરફે રજુઆત કરવામાં આવેલ
છે અને તે રીતે નમ્ર અરજ કરેલ છે.

૩. આ કામે વાદી તરફે તેમની અરજીના સમર્થનમાં અંક:૩
નાં આધારલીસ્ટથી અંક:૩/૧થી૩/૯ સુધીના દસ્તાવેજો, xxxx xxxx
અંક:૩૪/૧થી ૩૪/૧૩ સુધીના દસ્તાવેજો તેમજ અંક:૪૨/૧ વાળો
દસ્તાવેજી આધાર રજુ કરેલ છે તે વંચાણે લેવામાં આવેલ છે અને તે
ઉપરાંત વાદી તરફે પ્રતિવાદીઓનાં જવાબ સામે પ્રતિજવાબ અંક:૩૩થી
રજુ કરી તેમાં જણાવેલ પેરા-૧થી૩ની સમગ્ર હકીકતો અને લેખીતપૂર્વકના
કારણોસર-રજુઆત અનુસાર પ્રતિવાદીઓનો જવાબ તદ્દન ખોટો, ના.કોર્ટ
-ને ગેરમાર્ગે દોરનાર તેમજ ધાર્મિક લાગણીને ખોટી રીતે ઉત્તેજન આપી
-ને વાદગ્રસ્ત જગ્યાનો કબજો કરી લેવાનો હોઈ, પ્રતિવાદીઓની
માગણી નામંજુર કરી વાદીની માગણી મંજુર કરવા અને દરમ્યાન
મનાઈહુકમ ફરમાવવા યોગ્ય હુકમ થવા અરજ કરેલ છે.



..૩..

૪. જ્યારે પ્રતિવાદીઓ તરફથી તેમના બચાવના સમર્થનમાં અંક:૧૩,૧૭ની સોગંદનામા, અંક:૧૫ના લીસ્ટથી અંક:૧૫/૧ થી ૧૫/૩ સુધીના આધારો, અંક:૧૬ના લીસ્ટથી અંક:૧૬/૧થી ૧૬/૬ સુધીના દસ્તાવેજી આધારો, અંક:૧૮થી૨૬ સુધીના જુદી જુદી વ્યક્તિ-ઓનાં સોગંદનામા, અંક:૨૯ના લીસ્ટથી અંક:૨૯/૧થી ૨૯/૮ સુધીના દસ્તાવેજી આધારો, અંક:૩૬ની સોગંદનામું, અંક:૩૭ના લીસ્ટથી અંક:૩૭/૧ વાળો દસ્તાવેજી આધાર, અંક:૪૧ના આધાર લીસ્ટથી અંક:૪૧/૧,૪૧/૨ વાળા સોગંદનામા -તેમજ અંક:૪૨,૪૩,૪૪વાળા આધારો- રજુ કરવામાં આવેલ છે તે તમામની હકીકતો વંચાણે લઈ ધ્યાને લેવામાં આવેલ છે.

૫. આ કામે વાદીની અંક:૫ની અરજીના યોગ્ય નિકાલ સારુ વાદી તરફે વકીલશ્રી વાય.ડી.ભંડારકર તેમજ પ્રતિવાદીઓ તરફે વકીલશ્રી જે.કે.ચીનારાણાની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

૬. વાદીની અરજીના યોગ્ય નિકાલ સારુ મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:-

(૧)શું વાદી પોતાનો પ્રાથમાફેસી કેસ હોવાનું પુરવાર કરે છે?

(૨)શું વાદીને માગ્યા મુજબ મનાઈહુકમ આપવામાં ન આવે તો, ભવિષ્યમાં ન વાદી શકાય તેવું નુકશાન વાદીને થવાની સંભાવના છે?

(૩)શું સગવડતા-અગવડતા વાદીની તરફેણમાં હોવાનું - પુરવાર થાય છે?



(૪)શું હુકમ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે:-

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) છેવટના હુકમ મુજબ.

૮. **-: કારણો :-**

મુદ્દા નં.૧થી૩.:-

ઉપરોકત હકીકતે કેસના સંજોગો અને પડેલ તમામ પુરાવાનું કાયદાકીય જોગવાઈ સાથે મૂલ્યાંકન કરતાં વાદીનો પ્રથમ-દર્શનીય કેસ હોવાનું પુરવાર થાય છે.વાદીએ જે દાદ માંગેલ છે તે કોટડા(જ) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદીર ટ્રસ્ટની મિલકતોના તેઓ માલિક છે તે હકીકત પબ્લીક ટ્રસ્ટ એન્ટ્રી નં.૧૪૮૦થી પુરવાર થાય છે.જે આ કામે ૨૯/૭ના દસ્તાવેજ મુજબ પબ્લીક ટ્રસ્ટ એન્ટ્રી રજુ છે.અત્રે એ નોંધપાત્ર હકીકત છે કે, વાદી અને પ્રતિવાદીના ટ્રસ્ટોના એકત્રીકરણ સંબંધે બંને પક્ષ સહમત છે અને તે અંગે કોઈ તકરાર નથી તે નોંધપાત્ર છે.પ્રતિવાદી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે,વાદ-વાળી જગ્યામાં જ્યોતીધામ મંદીરઆવેલ છે અને ત્યાં પૂજાપાઠ કરવાનો તથા આવવા-જવાનો અધિકાર તેમનો છે.જે સંબંધે આંક:૧૩, ૧૪,૧૮,૧૯,૨૦ અને ૪૧/૧ અને ૪૧/૨ ઉપરથી વિવિધ વ્યકિતઓના



-સોગંદનામાઓ રજુ કરેલ છે. જે સોગંદનામાઓ વંચાણે લેતા જણાવેલ છે કે, બંને ટ્રસ્ટોનું એકત્રીકરણ થયેલ છે અને જે વ્યક્તિ જે ધર્મમાં માનતો હોય તે મુજબ સેવાપૂજા કરવાની છૂટ આપવામાં આવેલ છે. પરંતુ - આ બાબત અંગે પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આપવામાં આવેલ નથી તેમજ સૌથી મહત્વનો દસ્તાવેજ ૩/૧નો, કે જે કોટડા(જ) જ્યોતીબાધામ મંદીર ટ્રસ્ટ તરફથી તા. ૩૧/૩/૮૫નારોજ જનરલ મીટીંગમાં કરવામાં આવેલ ઠરાવ ધ્યાને લેવામાં આવે તો, તેમાં કોઈ જગ્યાએ અલગ અલગ મંદીર કે તે અંગેનો અલગ અલગ પૂજાપાઠ કરવાની પ્રવૃત્તિનો ઉલ્લેખ છે નહીં. તેનાથી વિરુધ્ધ તેમાં જણાવેલ છેકે, ... સામાજીક રીતે, ધાર્મિક રીતે તથા અન્ય ઘણી રીતે આપણા દરેક સંસ્થાને મુશ્કેલી પડે છેતેમજ સંસ્થાના ધ્યેય અને પ્રવૃત્તિ આજના જમાનાને અનુરૂપ ન હોતા આપણું અલગ અસ્તિત્વ રાખવું કોઈ રીતે યોગ્ય નથી....!'. તેમજ આગળ જણાવેલ છે કે,'' ... આ સંસ્થાની તમામ મિલકત પણ મજકુર કોટડા(જ)પાટીદાર લક્ષ્મીનારાયણ મંદીરને સોંપી આપવી અને તેની સંપૂર્ણ માલિકી તે ટ્રસ્ટમાં થાય અને હવેથી આપણા અલગ ટ્રસ્ટનું કોઈ પણ પ્રકારે અસ્તિત્વ ન રહે તે અંગેની કાર્યવાહી અનેઆગામી જનરલ સભાના ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાઓને સોંપવામાં આવે છે......''. આ હકીકતે પ્રતિવાદી ટ્રસ્ટની કોઈ અલગ માલિકી કે પૂજાપાઠની પ્રવૃત્તી કે ધ્યેય, વગેરે અલગ રહેલ નથી. જે મતલબનો ઠરાવ પણ સદર પ્રતિવાદી ટ્રસ્ટ તરફથી કરવામાં આવેલ છેતેમજ તેના અનુસંધાને ૩/૨થી પ્રતિવાદી ટ્રસ્ટ તરફથી તેના આગેવાન



..૬..

-દવારા વાદીને પત્ર લખાયેલ છે અને ૩/૩થી વાદી ટ્રસ્ટની જનરલ મ મીટીંગમાં ઠરાવ તે સંબંધમાં કરવામાં આવેલ છે.તેમાં જણાવવામાં આવેલ છે કે,''.... મજકુર જયોતીધામ મંદીર ટ્રસ્ટના તમામ સભ્યોને આ સંસ્થાના ધ્યેય મુજબ વર્તવાનુ રહેશે અને આ સંસ્થાની તમામ પ્રકારે ઉન્નતિ થાય તેમ કરવાનુ રહેશે અને તમામ મિલકત મંજુરી બાદ સામેલ કરવાની અને અલગ ટ્રસ્ટનું અસ્તિત્વ નહીં રહે તેમ જણાવેલ છે.જેથી પ્રતિવાદી ટ્રસ્ટની અલગ મંદીરની પ્રવૃત્તિ, પૂજાપાઠ અલગ હોય તેમ જણાતુ નથી.ત્યારબાદ ૩/૪થી વાદી ટ્રસ્ટ તરફથી તે સંબંધમાં આસીસ્ટન્ટ ચેરીટી કમીશનરને લખવામાં આવેલ પત્ર અને ૩/૫થી જોઈન્ટ ચેરીટી કમીશનરનો પત્ર,વગેરે મહત્વના છે. જોઈન્ટ ચેરીટી કમીશનરે હુકમમાં જણાવેલ છે કે,''...... બને ટ્રસ્ટોની પી.ટી.આર.માં નોંધાયેલ મિલકત શ્રી કોટડા(જ)પાટીદાર લક્ષ્મીનારાયણ મંદીરની મિલકત ગણાશે.આ ઉપરાંત જે મિલકત દાખલ કરવાની રહી ગયેલ હોય કે નવી દાખલ કરવાની હોય તે અંગે ટ્રસ્ટી -ઓએ ફેરફાર રીપોર્ટ રજુ કરવો......''. તેથી સદર હુકમથી પણ વાદગ્રસ્ત જગ્યાની સમગ્ર માલિકી વાદી ટ્રસ્ટની સંયુકત ચેરીટી કમીશનરે જણાવેલ છે અને તે મુજબનો હુકમ નોંધણીનો ૩/૬થી રજુ કરેલ છે અને તેના સંબંધમાં ૩/૭ અને ૩/૮થી સોગંદનામા પણ યોગ્ય રીતે રજુ કરવામાં આવેલ છે.

√



૯. આ હકીકતે પ્રથમદર્શનીય રીતે એ હકીકત પુરવાર થાય છે કે, ટ્રસ્ટોનું એકત્રીકરણ થયા બાદ ટ્રસ્ટની મિલકતની સમગ્ર

-માલિકી વાદી ટ્રસ્ટની છે.જે સંબંધમાં ૨૯/૭ નો એન્ટ્રી પણ મહત્વ-ની છે.આ ઉપરાંત ઉપર ચર્ચા કરેલ કોઈ દસ્તાવેજોમાં કે ૩/૨નાં પ્રતિવાદી ટ્રસ્ટ તરફથી લખાયેલ પત્રમાં કે અન્ય કોઈ જગ્યાએ બંને ટ્રસ્ટોના દેવસ્થાન/મંદીરનાં પૂજાપાઠ,વિધી અલગ અલગ અનુયાયોઓએ અલગ અલગ રીતે કરવાની છે તેવુ ક્યાંય જણાવેલ નથી.

૧૦. પ્રતિવાદીઓએ જ અંક:૧૨થી અંક:૫ની અરજીનો જવાબ આપેલ છે તેના પારા-૨માં જણાવેલ છે કે;''પાટીદાર સમાજના લોકો જે ધર્મમાં માનતા હોય તે મુજબની કાર્યવાહી કરવાની દરેક પાટીદાર-ને છૂટ આપવામાં આવી....... અને બંને સમાજના લોકો અલગ અલગ મંદીરોમાં જતા......''. આ વાતને ઉપરની સમગ્ર ચર્ચાના આધારે સમર્થન મળતુ નથી.

૧૧. પ્રતિવાદી તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, -તા.૩/૫/૯૭થી તા.૫/૫/૯૭ સુ નાં સંત સંમેલન દરમ્યાન વાદી ટ્રસ્ટ-નાં પંથના લોકોએ મંદીરમાં જઈ પૂજાપાઠની સામગ્રી,સિંહાસન, માંડવી,વગેરે તોડી નાખેલ અને તે સંબંધમાં પ્રતિવાદીએ ૧૫/૧થી આજે અમદાવાદ પોલીસ કમીશનરને ફરીયાદ કરેલ અને તે સંબંધમાં ૧૫/૨ અને ૧૫/૩ થી વાદીનો ૭/૪/૯૭નો પત્ર અને વર્તમાનપત્ર (શ્રધ્ધાંજલી) રજુ કરેલ.પરંતુ આ હકીકતને પણ પ્રતિવાદી પુરવાર કરી શક્યા નથી.કારણકે, ૧૭/૧થી પ્રતિવાદી તરફે જે ફોટોગ્રાફ રજુ કરવામાં આવેલ છે તેના ઉપર અદાલતનુ ધ્યાન દોરી જણાવેલ કે,



-ને મંદીરનો આગળનો ફોટો છે.પરતુ તે ફોટો જોવામાં આવે તો તેમાં કોઈ સિંહાસન કે પૂજાપાઠના સાધનો નથી,માત્ર એક છબો જ જણાઈ આવે છે(દિવાલ ઉપરનો).તેનાથી વિરુધ્ધ વાદી તરફે ૩૪/૧ -થી ૩૪/૧૦ સુધીના જે ફોટોગ્રાફસ રજુ કરવામાં આવેલ છે તેમાં તેનુ અવલોકન કરવામાં આવે તો પ્રથમ ફોટો છે તેમાં મિલકતના આગળના ભાગે'ઉમિયાધામ'લખેલ છે, બીજા ફોટામાં સમગ્ર મકાન, ત્રીજા અને ચોથા ફોટામાં મિલકત અને ખુલ્લી જગ્યા(હૉલ)જણાઈ આવે છે.એ જ રીતે પાંચમા ફોટામાં દિવાલમાં જે ભગવાનનો ફોટો છે તેની આસપાસની ખાલી જગ્યા હૉલ જેવુ લાગે છે અને છઠ્ઠા,સાતમા અને આઠમા ફોટામાં દિવાલના ફોટાની નીચે જમણવારનો પ્રસંગ બનેલ હોય તેવુ જણાઈ આવે છે અને નવમા ફોટામાં ભગવાનનો ફોટો પાછળના ભાગે દેખાય છે.દશમા ફોટાથી કંઈ જણાતુ નથી.આ દરેક ફોટા પૈકી માર્ક:૩૪/૭નો ફોટો XXX મહત્વનો છે અને તે વાદીના કેસને સમર્થન કરે છે અને પ્રતિવાદીની દલીલ જુઠી પાડે છે કે,તા. ૩/૫/થી ૫/૫ દરમ્યાન વાદી ટ્રસ્ટના લોકોએ પ્રતિવાદીનુ મંદીર સિંહાસન,માંડવી ,તોડી નાખી રફે-દફે કરેલ.૩૪/૭નો ફોટો - વીડીયો શુટીંગની પ્લેટ ઉપરથી લેવામાં આવેલ હોય તેમ જણાય છે અને તે ફોટામાં સમય ૧૨-૦૨ મિનિટ તથા તા.૩૦/૪/૯૭નારોજ પ્રતિવાદીના મંદીરના પૂજાપાઠની સામગ્રી સિંહાસન કે માંડવી હોય તેવુ તેમાં જણાતુ નથી.તેથી પ્રતિવાદી અસત્ય નિવેદન કરી રહેલ હોય તેમ જણાય છે.આ તબકકે એ નોંધપાત્ર છે કે, પ્રતિવાદીના કહેવા મુજબ



-તા.૩/૫થી ૫/૫ દરમ્યાન મંદીર તોડવામાં આવેલ તેમ માની લઈ લેવામાં આવે તો પણ પ્રતિવાદીએ તાત્કાલિક પોલીસ ફરીયાદ કરેલ નથી અને જે પોલીસ ફરીયાદ કરેલ છે તે ૧૫/૫/૯૭નારોજ(૧૫/૧) અમદાવાદ કમીશ્નરને તથા ૨/૬/૯૭નારોજ (૧૭/૬) પોલીસને ફરીયાદ કરેલ છે.તેથી મોડી ફરીયાદ કરવાનું કારણ કે ખુલાસો પ્રતિવાદી અદાલત સમક્ષ રજુ કરી શક્યા નથી. એ જ રીતે આગળ વાદી તરફથી વાદગ્રસ્ત જગ્યાએ પ્રતિવાદીનું મંદીર નથી,પરંતુ સમાજવાડી તરીકે લગ્નપ્રસંગે મિટીંગના આયોજન બાબતે વાદગ્રસ્ત જગ્યાનો ઉપયોગ થતો હોય તે દર્શાવવા ૩૪/૨થી કોટડા(જ)ગ્રામપંચાયતના સરપંચ અને તલાટી-મંત્રીનો દાખલો રજુ કરેલ છે.તેમાં જણાવેલ છે કે, મિલકતનો ઉપયોગ સમાજવાડી તરીકે થાય છે અને ઉપરના ભાગે બાલમંદીર ચાલે છે અને કોઈ મંદીર આવેલ નથી.૩૪/૩થી વાદીએ કંકોત્રી રજુ કરેલ છે.તેમાં લગ્નસ્થળ ઉમિયાધામ/મિનીસમાજવાડી દર્શાવેલ છે.૩૪/૪ અને ૩૪/૫માં આ જ રીતે સ્થળ દર્શાવવામાં આવેલ છે અને આ પુરાવા વાદીએ પાછળથી ઉભા કરેલ હોય તેમ માનવાને કોઈ કારણ નથી.એ જ રીતે વાદી તરફે સદર જગ્યાએ સમાજવાડી તરીકે જગ્યાનો ઉપયોગ થાય છે અને મંદીરમાં મૂર્તિપૂજા જોયેલ નથી તે બાબતમાં સોગંદનામાઓ ૩૪/૬થી ૩૪/૧૩ સુધીના રજુ કરવામાં આવેલ છે.તે જ રીતે વાદી તરફે ૪૨/૧થી પાટીદાર સૌરભ મેગેઝીન રજુ કરવામાં આવેલ છે અને તેના તંત્રીલેખ ઉપર અદાલતનું ધ્યાન દોરવામાં આવેલ છે અને તે વંચાણે લેતાં પણ વાદીના સમર્થનની હકીકતો

-જણાવવામાં આવેલ છે. તે નોંધપાત્ર છે. તેમજ માર્ક:૪૩થી વાદીનું સોગંદનામું કરવામાં આવેલ છે કે, તા.૧૦/૬/૯૭ના રોજ લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજની જનરલ સભાનો ઠરાવ કરવામાં આવેલ છે તે ૪૪/૩થી રજુ છે અને તેમાં કુલ્લે ૧૮૭ સભ્યોએ સહી કરેલ છે, જેમાંથી જ્યોતીબાધામ સંપ્રદાયના ૨૬ સભ્યોએ સહી કરેલ છે. જે બને સહીઓનું લીસ્ટ અનુક્રમે ૪૪/૧ અને ૪૪/૨થી રજુ છે તેના ઉપર અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે, પ્રતિવાદી સંપ્રદાયના ૨૬ સભ્યોએ પણ આ ઠરાવ -માં જણાવેલ છે કે;'જ્યોતીબાધામ મંદીરનું કોઈ અસ્તિત્વ નથી....- આ જગ્યાએ છેલ્લા ઘણા જ વર્ષોથી પૂજા થયેલ નથી. આ સ્થળનો સમાજવાડી રુપે ઉપયોગ કરવામાં આવેલ છે.....''.તેથી આ ઠરાવને સાચો કે યોગ્ય ન માનવા માટે કોઈ કારણ નથી તેમ જણાવો અદાલત સમક્ષ રજુઆત કરે છે, આજરોજ રજુ કરેલ સોગંદનામુ અને ઠરાવની વિરુધ્ધમાં પ્રતિવાદી પક્ષે કોઈ કાઉન્ટર એફીડેવીટ કરેલ નથી. આ હકીકતે સદર ઠરાવ પણ વાદીના કેસને સમર્થનકર્તા બને છે.

૧૨. પ્રતિવાદી તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ કે, માર્ક:૨૯/૫નો મિલકતનો જે દાખલો છે તે પ્રતિવાદી ટ્રસ્ટની મિલકતો નં પર નં.૩૫ વાળો તા.૨૦/૯/૬૫નારોજ આપવામાં આવેલ છે અને ૨૯/૪થી પબ્લીક ટ્રસ્ટ એન્ટ્રી નં.એ-૯૫૬થી પ્રતિવાદી ટ્રસ્ટનો મિલકત પણ જણાવવામાં આવેલ છે.તેથી પ્રતિવાદીની મિલકત છે તેવુ પુરવાર થાય છે,પરતુ ઉપર આગળ ચર્ચા કર્યા મુજબ બને ટ્રસ્ટોનુ એકત્રી-કરણ XXX થયા બાદ અને જોઈન્ટ ચેરીટી કમીશનરના હુકમ થયા બદ બને



-બંને ટ્રસ્ટોની મિલકતની માલિકી વાદી ટ્રસ્ટનો ઠરાવવામાં આવે છે.
તેથી પ્રતિવાદીની એ દલીલ સાથે અદાલત સંમત થતી નથી. તે સિવાય
પ્રતિવાદી તરફે ૨૯/૧ અને ૨૯/૨થી પાટીદાર સમાચારપત્ર અને
૨૯/૩થી કોટડા(જ)લક્ષ્મીનારાયણ મંદીર ટ્રસ્ટનો પબ્લીક ટ્રસ્ટ એન્ટ્રી
નં.એ-૯૫૪ તથા ૨૯/૭ અને ૨૯/૬થી અનુક્રમે પાટીદાર લક્ષ્મીનારાયણ
મંદીર પબ્લીક ટ્રસ્ટ એન્ટ્રી નં.૧૪૮૦ અને પ્રતિવાદી ટ્રસ્ટે ડેપ્યુટી
ચેરીટી કમીશનરને કરેલ અરજી તા.૧૯/૧૦/૬૫ રજુ કરેલ છે તેમજ ૨૯/૮
થી પ્રતિવાદી તરફે પોતે જે જગ્યાને મંદીર તરીકે જણાવે છે તેનો
ફોટોગ્રાફ રજુ કરેલ છે તે ધ્યાને લેતાં એક ભગવાનના ફોટા નીચે
જમણવારનો ફોટો જણાઈ આવે છે અને તેમાં પણ કોઈ સિંહાસન,માંડવો
કે પૂજાપાઠના સાધનો નથી. આ ફોટો કઈ તારીખે લેવામાં આવેલ તે
પણ દસ્તાવેજી પુરાવાના લીસ્ટમાં કે અન્ય રીતે જણાવેલ નથી.

૧૩. પ્રતિવાદીએ તેના જવાબ અંક:૧૨ના પફરા-૩માં સી.પી.
સી.ઓર્ડર:૩૯ રુલ:૧-૨ મુજબ વિરુધ્ધનો મનાઈહુકમ વાદી વિરુધ્ધ
માંગેલ છે. પરંતુ કોર્ટ ફી એકટની કલમ-૬(૪)(જ) મુજબ કોર્ટ ફી ભરેલ
નથી અને પ્રતિવાદીની દાવામાં મનાઈહુકમની માગણીને બોમ્બે પબ્લીક
ટ્રસ્ટ એકટની કલમ-૫૦ અને કલમ-૮૦ મુજબ બાધ નડે છે. કારણકે, ટ્રસ્ટ
-ની મિલકત વિરુધ્ધની માગણી કરવામાં આવેલ છે અને સંયુકત ચેરીટી

કમીશનરની કોઈ પૂર્વ મંજુરી લેવામાં આવેલ નથી અને તેના કારણે
કલમ-૮૦ મુજબ પ્રતિવાદીની માગણીને મંજુર રાખી શકાય નહિ. પ્રતિવાદી
-એ આ ઉપરાંત ૧૭/૨થી નખત્રાણા યુવક મંડળ પાટીદારનો પત્ર તા.-

..૧૨..

-૨૫૮/૯૬નો રજુ કરેલ છે અને ૧૭/૩ અને ૧૭/૪થી મેગેઝીન રજુ કરેલ છે.જે ધ્યાને લેતાં નક્ષત્રાણામાં સાધુસંતોનો કુંભમેળો(સંત સંમેલન)મળેલુ તે અને ૧૭/૫થી વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ કરેલી પોલીસ ફરીયાદ રજુ કરેલ છે.

૧૪. ઉપરોક્ત સમગ્ર ચર્ચાના આધારે વાદી પ્રથમદર્શનીય રીતે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે,એકત્રીત થયેલ ટ્રસ્ટોની મિલકતની માલિકી વાદી ટ્રસ્ટની છે અને તે હકીકતે પ્રતિવાદી ટ્રસ્ટના સભ્યોને કે પ્રતિવાદીને વાદીના કોટડા(જ)ના પાટીદાર લક્ષ્મીનારાયણ મંદીર મિલકતનો વાપર ઉપભોગ કે કબજામાં અડચણ-અંતરાય કે અયડાયત કરવાનો કે કબજો મેળવી લેવાનો અધિકાર નથી તેમજ પ્રતિવાદી એ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, પોતાના સંપ્રદાયનુ મંદીર વાદગ્રસ્ત જગ્યાએ આવેલ છે અને ત્યાં પૂજાપાઠ,ધાર્મિક વિધિ,વગેરે થતો આવેલ છે .આ સંજોગોમાં જો વાદગ્રસ્ત જગ્યા અંગે વાદીએ માગ્યા મુજબનો મનાઇહુકમ પ્રતિવાદી વિરુધ્ધ આપવામાં ન આવે તો,વાદીને નાણામાં ન માપી શકાય તેનુ નુકશાન થવાની શક્યતા છે અને એ દૃષ્ટિએ બેલેન્સ ઓફ કન્વીનીયન્સનુ પલ્લુ પણ વાદી તરફે હોઈ,નીચે મુજબ ન્યાયના હિતમાં આખરી હુકમ કરવામાં આવે છે:-

-: હુકમ :-

વાદીની અ૪ક:૫ની અરજી મંજુર કરવામાં આવે છે અને



પ્રતિવાદી વિરુધ્ધ દાવાના આખરી નિકાલ સુધી એવો મનાઇહુકમ

..૧૩..   રે.દિ.દા.નં.૧૫/૯૭.

-આપવામાં આવે છે કે,પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકર-ચાકર કે એજન્ટ કે અન્ય વ્યકિતઓએ વાદી ટ્રસ્ટના સભ્યોને કે કોટડા(જ)-પાટીદાર લક્ષ્મીનારાયણ મંદીર ટ્રસ્ટની મિલકતનો વાપર-ઉપયોગ કે કબજામાં અડચણ-અંતરાય કે અટકાયત કરવી નહીં કે કબજો [illegible] ઘસી ન લેવો.

ખર્ચ સંબંધે કોઈ હુકમ નથી.

આજ તારીખ:બારમો જુન,ઓગણીસોસત્તાણુંના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૬/૯૭. ભુજ.   (જે.પી.કકકડ)
ઇ.ચા. સીવીલ જજ(જુ.ડી.)નખત્રાણા-કચ્છ.

o.....o

Seen
Advocate
for plaintiffs

Seen
12-6-97



કુલ શબ્દો ૫૭૦૦
કોપીંગ ચાર્જ રૂા.____
કંપેર ચાર્જ રૂા. ૫-૦૦
સર ચાર્જ રૂા.____
પેપર ચાર્જ રૂા.____
કુલ્લ રૂા. ૫-૦૦

[illegible]

[illegible]

13-6-97

[illegible]સ્ટ્રાર કમ નાઝીર
જુનીયર ડીવીઝન કોર્ટ
[illegible]-કચ્છ.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ .

તા. ૨૮-૬-૨૦૦૦ ના રોજ વાંઢાય (કચ્છ) મધ્યે કોટડા (જડોદર) સમાજ ના ચાલતા મતભેદો માટે જે સામને સામને કોર્ટ ના કેસો ચાલે છે તેમાં બંને પક્ષકારો ના અગીયાર - અગીયાર જણા તેમજ સમાજ ના છ પંચો, એમ કુલ અઠયાવીસ જણા થઈ અને બેઠક પૂર્વક ચર્ચા ના અંતે તમામ પંચો અને સમાજ ના આગેવાનો એકમતિથી નિર્ણય કરેલ છે .

(૧) સમાજ ના બંને પક્ષકારો ના સામને સામને જે કેસો ચાલે છે તે કેસો ચલાવવા નહીં અને બંને પક્ષકારો એ કેસ નં. પાછા લઈ લેવા અને નવા કોઈ કેસ કરવા નહીં.

(૨) કોટડા (જડોદર) ના સતપંથ સમાજ ના ભાઈઓ ગામમાં ~~[illegible]~~ સતપંથ નું મંદિર બનાવવા માટે ગામમાં જે જમીન લે તેમાં લક્ષ્મીનારાયણ સમાજ ના ભાઈઓ સહકાર આપે અને જમીન ની જે કિંમત થાય તે સતપંથ સમાજ ના ભાઈઓ આપે .

ઉપર મુજબનો સમાજ ના બંને પક્ષકારો ના અઠયાવીસ ભાઈઓ તેમજ સમાજ ના પંચો એકમતી થી નિર્ણય લઈ અને સંમત થયા છીએ .

[signature]

[signature]

[signature]

[signature]

[signature]

EE LAXMI SAW MILL. PHONE NO. : 091 079 2894572 Nov. 05 2001 07:39AM P1

અમદાવાદ (રૂરલ)ના મહે. જ્યુડી. ફ. ક. મેજીસ્ટ્રેટ સાહેબ
શ્રી પાંચમી કોર્ટમાં
ક્રિ. કેસ નં. ૩૩૬/૨૦૦૧

ફરીયાદી :- પરબત લખમસી ભગત
ઉ. વ. ૩૭, ધંધો - ખેતી,
રહે. પીરાણા, તા. દશક્રોઇ
જી. અમદાવાદ.

વિરૂધ્ધ

આરોપીઓ :-(૧) અરવિંદ કરશન લીંબાણી
તે કોટડા (જ.) પાટીદાર સમાજના પ્રમુખ
ઉ. પુખ્તના, ધંધો ખેતી-વેપાર
(૨) કરશન વિશ્રામ લીંબાણી
તે જ. પાટીદાર લક્ષ્મીનારાયણ મંદીરના ઉપ પ્રમુખ
ઉ. પુખ્તના ધંધો- ખેતી
(૩) માવજી દેવજી નાકરાણી
તે કોટડા(જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદીર ના ટ્રસ્ટી
ઉ. પુખ્તના, ધંધો- ખેતી-વેપાર
(૪) ઇશ્વરલાલ માવજી લાભાણી
તે કોટડા (જ.) પાટીદાર સમાજના સભ્ય
ઉ. પુખ્તના, ધંધો- ખેતી-વેપાર
(૫) મેઘજી પ્રેમજી દિવાણી
તે કોટડા(જ.) પાટીદાર લક્ષ્મીનારાયણ મંદિરના ટ્રસ્ટી
તથા પ્રમુખ
ઉ. પુખ્તના, ધંધો-વેપાર
(૬) કાંતીલાલ વાલજી રામાણી
તે કોટડા(જ.) પાટીદાર સમાજના મંત્રી
ઉ. પુખ્તના, ધંધો- ખેતી
(૭) ભાણજી કરશન લીંબાણી
કોટડા(જ.) તે લક્ષ્મીનારાયણ મંદિર ના સભ્ય
ઉ. પુખ્તના ધંધો- ખેતી
(૮) દેવશી મનજી દિવાણી
કોટડા(જ.) તે લક્ષ્મીનારાયણ મંદિર ના મંત્રી
ઉ. પુખ્તના ધંધો- વેપાર
નં. ૧ થી ૮ ... કોટડા (જડોદર)

(૨)

જી. કચ્છ-ભુજ

(૯) ખીમજી લખમશી લીંબાણી

તે અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમા[illegible]

પ્રમુખ

ઉ. પુખ્તના ધંધો-વેપાર

રહે. નખત્રાણા, તા. નખત્રાણા, જી. કચ્છ.

(૧૦) શિવદાસ ગોવિંદ છાભૈયા

તે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર ના [illegible]

ઉ. પુખ્તના, ધંધો- વેપાર

રહે. રણછોડવાડી લાલટેકરી કચ્છ.

[illegible] ઈ. પી. કો. કલમ ૨૯૫, ૨૯૫(ક), ૫૦૪, ૫૦૬(૨) [illegible] ૧૧૪ મુજબ

ફરીયાદ અરજી.

આ કામના અમો ફરીયાદીની ના. કોર્ટને [illegible] હકીકત એવી છે

(૧) અમો ફરીયાદી સંતપથ ધર્મ ગુરુદ્વારા તથા જ્યોતિધામ [illegible] તા. [illegible], [illegible] મુકામે આવેલ છે રહિએ છીએ.

(૨) આ કામના તમામ આરોપીઓ અમારા કોટડા (જ.) [illegible] તથા નખત્રાણાના [illegible] સમાજના માણસો હોઇ સારી રીતે ઓળખીએ છીએ અને [illegible] મથાળે જણાવ્યા મુજબના [illegible] આરોપીઓ સમાજનાં તથા કોટડા(જ.) પાટીદાર લક્ષ્મી[illegible] મંદિરના ટ્રસ્ટી તથા [illegible] આવેલા છે.

(૩) અમો ફરીયાદી સંતપથ ધર્મ ગુરુદ્વારા જ્યોતિધામ [illegible] શ્રધ્ધા પૂર્વક માનીએ [illegible] કોટડા (જ.) તા. નખત્રાણા મુકામે આવેલ છે તે સંતપથ [illegible] મંદિર ટ્રસ્ટ પબ્લીક ટ્રસ્ટ [illegible] હેઠળ નોંધાયેલ છે જે નો એ ૯૫૬ નંબર છે અને અમો ફરીયાદી તથા સદરહું [illegible] અમારા નવ કુટુંબો સંતપથ જ્યોતિધામ નું ટ્રસ્ટ સ્થાપીને [illegible] ધર્મના આરાધ્ય દેવ [illegible], [illegible], મહેશ તથા આધ્યશક્તિ અને ભગવાન વિષ્ણુ[illegible] અવતાર શ્રી નિષ્કલીંકી [illegible] સેવા પૂજા કરતા આવેલા અને [illegible] દેવોના [illegible] સ્થાપના કરી અર્ચના તથા [illegible] આધારીત યજ્ઞ, કળશ કુંભની સ્થાપના કરી પુજા [illegible] જ્યોતની પૂજા થાય છે. ઉપર જણાવ્યા મુજબ અમો પાટીદાર સમાજના નવ કુટુંબો [illegible] જ્યોતીધામ ધર્મમાં [illegible] શ્રધ્ધા ધરાવીએ છીએ અને સેવા પૂજા અર્ચના ધર્મની કરતા [illegible] છીએ.

(૪) આ કામના તમામ આરોપીઓ જ્યાં રહે છે [illegible] બસો ઘરના કુટુંબો [illegible] સમાજના આવેલા છે અને તેઓ શ્રી લક્ષ્મીનારાયણ મંદિરનો પંથ ધરાવે છે અને [illegible] ટ્રસ્ટ કોટડા(જ.) લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ એ ૯૫૪ [illegible] છે.

(૫) અમો ફરીયાદી તથા અમારા સંતપથ ધર્મમાં [illegible] શ્રધ્ધા ધરાવતાં કુટુંબી [illegible] જે કોટડા(જ.) તા. નખત્રાણા મુકામે ટ્રસ્ટ નોધાવી [illegible] ધર્મ અંગેની સેવાપૂજા [illegible] પૂજા કરવા ના સ્થાનમાં આ [illegible] માટે આસન સ્થાપના, કુંભ કળશ તથા અખંડજ્યોત [illegible] ભાઇઓને સંતપથ ધર્મ [illegible] આવી અમોને તથા અમારા ધર્મમાં અતૂટ શ્રધ્ધા [illegible] અમો તે ન કરતાં આ [illegible] અને લક્ષ્મીનારાયણ પંથમાં ભળી જવા દબાણ કરેલ [illegible] ધર્મના સ્થાપનો ફેકી [illegible] અમારા ધર્મના આસન, કુંભ કળશ અખંડ [illegible] શ્રધ્ધાને અને લાગણીને ઠેસ [illegible] અને તોડ ફોડ કરી અમારી ધર્મ પ્રત્યેની અતૂટ આસ્થા [illegible] છે. આ અંગે ચેરીટી તથા કોર્ટમાં કાર્યવાહી ચાલુ છે.

[illegible] કોટડા (જડોદર)

REE LAXMI SAW MILL. [illegible]

:) આ આરોપીઓ લક્ષ્મીનારાયણ પંથમાં [illegible] ઓના સમાજ જ્ઞાતિના કુટુંબો આવેલા છે. તેઓ એક સંપ થઇ અમોને [illegible] ઓ સમાજ ના તથા [illegible] નારાયણ પંથના ટ્રસ્ટી અને હોદેદારો એ અમોને [illegible] ભળી જવા માટે [illegible] કરી અને ન કરતાં અમોને તથા અમારા નવ ઘરના [illegible] અને અમારા ધર્મના [illegible] તોડ ફોડ કરી તા. ૭-૮-૨૦૦૧ સમાજના એટલે [illegible] તથા બીજા એકત્ર થઇ [illegible] અમારા ધર્મને માનતા સમાજના માણસોને શાદિ [illegible] કવા અને કોઇ જાતનો [illegible] રાખવો નહિ તેવો ઠરાવ કરેલો અને અમે જો લક્ષ્મી[illegible] પંથમા રહીએ તો અમારી [illegible] વ્યવહાર રાખશે તેમ કહી અમારી લાગણી દુભાવી.

(૭) આ કામના આરોપીઓએ ઉપર મુજબનું [illegible] અમારા સતપંથ ધર્મના [illegible] આવેલ ધર્મના પૂજા અર્ચના અખંડ જયોત વાગેરે [illegible] ધર્મ સ્થળ ને નુકસાન [illegible] તથા અમારી ધર્મ પાળતા અનુયાયીઓની ધર્મ [illegible] લાગણી ને ઠસ પહોચાડી [illegible]. અમો છેલ્લા એક માસથી સતપંથ ધર્મનુ મુખ્ય ગુરુદ્વાર [illegible] મુકામે આવેલ છે ત્યા [illegible] છીએ અને અમો સતપંથ ધર્મની સેવા પૂજા અર્ચના [illegible] થી કરી હાલમા વ્યસન [illegible] અભીયાન ચલાવી રહ્યા છીએ.

(૮) અમો તથા દેવરામ કાકા તથા હંસરાજ ગોવિંદ[illegible] વજીભાઇ વાલજીભાઇ [illegible] બીજા અમારા ધર્મના અનુયાયીઓ ગઇકાલ તા. [illegible]૦૧ ના રોજ પીરાણા [illegible] ગુરુ દ્વારા ના સ્થાને બેઠા હતા તે વખતે આશરે બપોર[illegible] ગે આ આરોપીઓ જીપ [illegible] આવેલા અને અમોં તથા અમારા શાહેદો બેઠા હતા [illegible] આરોપીઓ [illegible] નં. ૧ [illegible] આરોપી નં. ૨ના મને બોલવા લાગેલા કે તુ સતપંથ ધર્મ[illegible] લક્ષ્મીનારાયણ પંથમાં અમારી જોડે આવી જા તેમાં તારી તથા તારા કુટુંબીઓની ભલાઇ છે. આરોપી નં. ૩ અને ૬ ના [illegible] બોલવા લાગેલા કે તે તારા બીજા નવ સતપંથ ધર્મ પાળતા [illegible] સાથે અમો કે અમારો [illegible] જ દીકરા દીકરી સાથે સબંધ કરીશુ નહીં અને કોઇ [illegible] નો વ્યવહાર રાખીશુ [illegible]. આ વખતે બાકીના આરોપીઓ ઉશ્કેરાઇ જઇ [illegible] સતપંથ જયોતિ ધામ [illegible] આસ્થારૂપી આસન કુંભ કળશ ગાદી અમોએ ફગાવી દીધ[illegible] અને તમારુ ધર્મનુ સ્થાન [illegible] કરેલ છે તો પણ અમોને કશુજ થયે નથી માટે તુ [illegible] કહવાતા ઇશ્વર નથી. [illegible] જન્મની નિશ્ચિતતા નક્કી નથી તેવા ઇશ્વરને કે ધર્મને [illegible] નથી. મુર્ખ અને [illegible] વ્યક્તિઓ જ આને માને આમ અપ શબ્દો બોલી [illegible] નં. ૮,૯ તથા ૧ના એ [illegible] ગુરુદ્વારા આવેલ સેવા પૂજા અને આસન તથા કુંભ [illegible] શાહેદોની હાજરીમાં ખેચી [illegible] અને આબધુ ધતીગ છે એવુ બોલી અમારી ધર્મ પ્રત્યેની ધાર્મિક આસ્થાને ઠેસ પહોચાડેલ [illegible] આ વખતે અમો તથા અમારા શાહેદો ધર્મ બાબતે [illegible] બોલવા આરોપીઓને [illegible] આરોપી નં. ૪,૫,૭,તથા ૧૦ નાઓ અમારા ધર્મ [illegible] શબ્દો બોલી આરોપી નં. [illegible] ઉશ્કેરણી કરતા હતા કે આ જો કોટડા આવી આપણા [illegible] પંથમા ન જોડાય તો [illegible] પગ તોડી નાખાં તેવા ધમકી આપેલી. આમ આ [illegible] આરોપી ઓ એક સંપ થઇ [illegible] મુકામે આવી ઉપર જણાવેલ કુત્ય દ્વારા અમારી ધાર્મિક [illegible] મુજબ ઉંડી ઠેસ પહોચાડેલ [illegible] ઠેસ પહોચાડવાનો આરોપીઓને કોઇ જ અધિકાર નથી. [illegible] કરી પવિત્ર ગરુ દ્વારમાં [illegible] આવી અમારા સધર્મ ભાઇઓની હાજરી [illegible] ધર્મની ટીકા તથા [illegible] કરી અમારા પૂજા અર્ચનાના આસન વિગેરે [illegible] આરોપીઓએ અમારી ધાર્મિક લાગણી દભાય તેવું વજ ઘાત સમુ ગુન્હાહિત કુત્ય કરેલ છે. આરોપી નં.૧,૨ ના [illegible] જતા જતા ધમકી આપી ગયેલા છે કે તું કે તારા ધર્મના [illegible] ઓ કોટડા (જ.) કચ્છ [illegible] આવશો તો જાન થી જશો તેનુ પરીણામ સારૂ નહી [illegible] કહી તમામ આરોપીઓ જીપમાં બેસી જતા રહેલા. આરોપી મોટા જૂથ બળ વાળા, [illegible] અને બોલે તેવું કરે તેવા છે.

ROM : SHREE LAXMI SAW MILL. PHONE NO. : 091 079 2004572 Nov. 05 2001 07:43PM P4

ફિર _.

આ બાબતે અમોએ આજ રોજ સવારમાં ફરીયાદ પોલીસ [illegible] તા તેઓએ અમોને કોર્ટમાં જઈ ફરીયાદ કરવા જણાવેલ તેથી અમોએ આજ રોજ આ આરોપીઓએ કરેલ ગુન્હા અંગેની ફરીયાદ આપ ના. કોર્ટ સમક્ષ કરવાની જરૂરીયાત પડેલ છે.

(૯) સબબ ના. કોર્ટને આ ફરીયાદ અરજી કરી અરજ કરવાની કે :-

આ કામના આરોપીઓ ને ઉપરોક્ત ગુન્હાના કામે સમન્સ કાઢી ચલાવી ગુનો સાબીત [illegible] સખ્ત સજા તથા દંડ ફરમાવશોજી.

(૧૦) આ કામે અમારા શાહેદો ચાલુકામે જરૂર પડે રજૂ કરીશું

[illegible] નકલ સામેલ છે.

તા. ૨૫-૧૦-૨૦૦૧

અમદાવાદ.

(ફરીયાદીની સહી).

ઉમિયા માતાય નમઃ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની એકતાના હિતેચ્છુઓ, હિમાયતીઓનાં ચરણમાં

જાહેર ખુલાસો

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની વાર્ષિક જનરલ સભાં તા. ૨૫/૦૮/૦૨ના પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા મધ્યે મળેલ. આવી જનરલ સભાઓનો મુખ્ય હેતુ કડવા પાટીદાર સમાજમાં સલાહ, સંપ અને એકતા વધે તે માટેનો હોય છે. આવી એકતાને કારણે આપણો તાકાતવાન સમાજ પોતાનો વિકાસ સાધી અને દરેક ક્ષેત્રે આગળ વધી રાષ્ટ્રમાં નામ કાઢે. કડવા પાટીદાર સતપંથ સમાજનો હંમેશા આ અભિગમ રહેલ છે. પંથના ઝઘડામાં સમાજના "વિકાસ પથને" રૂંધવો એ ડાહ્યા સમાજનું કામ નથી.

તા. ૨૫/૦૮/૦૨ના જનરલ સભામાં માનનીય વાલજીભાઇ શિવજી વાડિયા જેઓ સમાજમાં અગ્રગણ્ય અને રિસ્પેકટીબલ સ્થાન ધરાવે છે તેઓની વરણીને ગામ આણંદસરના અરજણ સામજી ભગતે જેઓ સમાજના આજીવન સભ્ય તરીકે ટેકો જાહેર કરતાં માજી પ્રમુખ શ્રી ખીમજીભાઇ લીંબાણી ઉશ્કેરાઇ જઇ જાહેર કરેલ કે, **"અરજણ સામજી ભગતે જે ટેકો આપેલ તે રદ કરું છું અને આદેશ આપું છું કે, સભામાં જ્યાં બેઠા હોય ત્યાંથી તાત્કાલિક ઊઠી ચાલ્યા જાય"** એટલું જ નહીં એવો પણ આદેશ આપવામાં આવ્યો કે, **"પાટીદાર સમાજના કોઇ સભ્યોએ અરજણ સામજી ભગત સાથે સામાજિક વેવાર કરવો નહીં"** એટલું જ નહીં આ સભામાં એવું પણ ઠરાવવામાં આવ્યું કે, **"કોટડા-જડોદર સતપંથ સમાજના ૯ કુટુંબોને પણ અસહકાર આપવો" તેવો નિર્ણય લેવામાં આવ્યો. સમાજના હજારો સભ્યોની હાજરીમાં અરજણભાઇ જેવા માનનીય આજીવન સભ્યનું તેઓ ફકત સતપંથ સમાજના હોઇ, તેના પ્રત્યે જે અપમાનજનક વલણ દાખવવામાં આવેલ છે તે દુઃખદ અને સમાજની એકતાને મૂળમાંથી કુઠારાઘાત કરતું કૃત્ય છે. શ્રી ખીમજીભાઇના આવા વલણ અનુસંધાને સતપંથ સમાજની ખાસ સભા નિષ્કલંકીધામ નખત્રાણા મુકામે તા. ૨૮/૦૮/૦૨ના રોજ મળેલ તેમાં સતપંથ સમાજ કોટડા જડોદરના નવ ઘરનો અસહકાર અને માનનીય અરજણભાઇ સામજી ભગતનું જે અપમાન ખીમજી લખમશીએ કરેલ છે તે સમાજની એકતાને તોડતું બંધારણ વિરુદ્ધનું, બિનઅધિકૃત, ગેરકાયદેસરનું કૃત્ય છે અને તેઓએ જે જાહેરમાં અપમાનજનક વલણ દાખવેલ છે તથા સતપંથ સમાજ પ્રત્યે તિરસ્કૃત વલણ દાખવ્યું છે તેનો સખત શબ્દોમાં ટીકા કરી વખોડવામાં આવેલ છે.** સમાજના હિતેચ્છુઓ, હિમાયતીઓ, એકતાનો ઝંડો પકડનારા સભ્યોને નોંધ લઇ યોગ્ય કરવા વિનંતી છે.

લિ.

પટેલ જેઠાલાલ કાનજી મંત્રી, કચ્છ કડવા પાટીદાર સતપંથ સેવા સમિતિ	**પટેલ પચાણભાઇ કરશન** પ્રમુખ, કચ્છ કડવા પાટીદાર સતપંથ સેવા સમિતિ

OCT. 30 2004 11:25AM P1

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ કોટડા (જ)

પાટીદાર સમાજ વાડી તા. નખત્રાણા કચ્છ

તા. ૩૧-૦૮-૨૦૦૪

શ્રી. અખિલ ભારતિય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ શ્રી વાલજી ભાઇ શીવજી વાડીઆ ના પ્રમુખ, સ્થાને કોરડા(જ) માં સંપ્રદાયને લગતા ચાલતા કેશોના સમાધાન માટે મીટીંગ, કોરડા (જ) કડવા પાટીદાર સમાજ વાડી ખાતે મળેલ જેમાં વિસ્તુત ચર્ચાઓ બાદ નિચે મુંજબ નું સમાધાન કરવામાં આવેલ હતું તેમાં કોલમ નંબર ૩ નો ઉલેખ.

૩ કોટડા (જ) ગામમાં દરેકને કોઇપણ સંપ્રદાય પાળવાની છુટ હોવી જોઇએ અને [illegible] ન કરવો શ્રી કોટડા (જ) પાટીદાર સમાજે એક રહેવાનું છે. અને તેની મીલકતો માં દરેક પાટીદાર નો હક્ક રહે અને જયારે કોટડા (જ) સમાજની ચુટણી થાય ત્યારે સતપંથ સંપ્રદાયનાં એક સભ્યો - અથવા (ટ્રસ્ટી) ને લેવો.

નોંધ : ઉપર જણાવેલ કોલમ નં. ૩ માં એકલાઇનનો સુધારો કરવો, તે આ મુંજબ છે. અને જયારે કોટડા (જ) સમાજની ચુંટણી થાય ત્યારે સતપંથ સંપ્રદાયનો એક સભ્યો - અથવા (ટ્રસ્ટી) ને લેવો.

વિષય : આ લખાણ શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ કોટડા (જ) ના લેટર પેડ માં લખવું અને એક કોપી શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ને મોકલવી.

નકલ : શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ ~~સનાતન સમાજ ટ્રસ્ટ ને મોકલી.~~

નોંધ : આ લખાણ શ્રી ઉપપ્રમુખ શ્રી. નારાણ ભાઇ રતનશી છાભૈયા.

શ્રી દેવજી કરશન ભાવાણી– સતપંથ સમાજ ન્યાસ સમિત.

FROM : CHHABHAIYA GROUP PHONE NO. : 5165759 OCT. 30 2004 11:26AM P2

ટ્રસ્ટ દાવા નં. ૩/૯૭

શ્રી મેઘજી પ્રેમજી દિવાણી,
તે શ્રી કોટડા (જડોદર) લક્ષ્મીનારાયણ
મંદિર ટ્રસ્ટના પ્રમુખ
ગામ : કોટડા (જડોદર) તાલુકો નખત્રાણા-કચ્છ. : વાદી

વિરુદ્ધ

૧) નારણ પ્રેમજી છાભૈયા વિગેરે... પ્રિતવાદી

સવિનય વાદી તથા પ્રતિવાદીપક્ષો માનશર અરજ કે, આ કામે અમો પક્ષકારો વચ્ચે નીચે મુજબની હકીકતે અમો પક્ષકારો કડવા પાટીદાર સમાજના અનુયાયીઓ અને સદ્સ્યો હતા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની તા. ૩૧-૦૮-૦૪ ની કોટડા (જડોદર) તા. નખુનાણા મુકામે મળેલ બેઠકમાં સમાજનાં આગેવાનોની મધ્યસ્થીથી સમાજનાં હિતમાં નીચે પ્રમાણે ઘરમેળ સમાધાન કરે છે. તો તે પ્રમાણે હુકમનામું કરી આપવા વિનંતી છે.

૧) આ કામના વાદીએ શ્રી કોટડા (જડોદર) લક્ષ્મીનારાયણ મનંદિર ટ્રસ્ટના પ્રમુખ છે તથા પ્રતિવાદીઓ ગામ : કોટડા (જડોદર) નાં રહીશ છે. તથા સતપંથ સંપ્રદાયને માનનાર છે. પરંતુ આ કામે બંને પક્ષકારોએ આ દાવા કામે લીધેલ પોતાની તકરારો આથી જતી કરે છે. અને ગામ : કોટડા (જડોદર) નાં સમસ્ત લક્ષ્મીનારાયણ અને સતપંથ સમાજનાં કડવા પાટીદાર સમાજનાં સભ્યો વચ્ચે એકતા સલાહ સંપ રહે તેથી એવું ઠરવામાં આવે છે. કે, કોટડા (જડોદર) ગામના લક્ષ્મીનારાયણ સમાજે સંપ્રદાયનાં સભ્યો સામે જે અસહકાર કરેલ છે ત અંગેના ઠરાવો અને વાંધાઓ આથી પાછા ખેંચી અને સંબધીત સમાજના મુખપત્રો જવા કે "પાટીદાર સંદેશ" "પાટીદાર સૌરભ" "ઉમીયાપુર્ણ" માં તેની જાણ કરવી.

૨) આ સમાધાન થઇ જતાં તેજ રીતે ગામ : કોટડા (જડોદર) તાલુકો નખત્રાણા મુકામે કડવા પાટીદાર સમાજના સદસ્યને પોતાની મરજી મુજબનો સંપ્રદાય પાળવાની છુટ

FROM : CHHABHAIYA GROUP PHONE NO. : 5165759 OCT. 30 2004 11:26AM P3

[illegible]

રહેશે તથા બંને સમાજોએ પોતાપોતાના તમામ વાર તહેવાર પ્રસંગો પણ સાથે હળી મળી અને ઉજવવાના રહેશે અને બંને સમાજો વચ્ચે ભવિષ્યમાં કોઇ વાદવિવાદ રાખવાનો રહેશે નહીં કે વિરોધ કરવાનો રહેશે નહિ.

સમાજના સદસ્યોએ એક થઇ અને રહેવાનું છે. અને કોટડા (જડોદર) લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજવાડી તથા તેની જંગમ મિલકતો ઠામ-વાસણ, ગાદલા-ગોદડા વિગેરે માટે જે ભાડું હાલ વાદી ટ્રસ્ટ લક્ષ્મીનારાયમ સમાજના ભાઇઓ પાસેથી વસુલ કરે છે, તે જ ભાડું અને નિયમો સતપંથ સમાજના સભ્યો પાસેથી વસુલ કરી શકશે. આ વાદીટ્રસ્ટીની પાટીદાર સમાજવાડીનો ઉપયોગ સતપંથ સમાજના સદસ્યોને લગ્ન પ્રસંગે કરવા આપવાનો રહેશે તેવું ઠરાવવામાં આવે છે.

૪) પક્ષકારો વચ્ચે એવું ઠરાવવામાં આવે છે કે, સતપંથ સંપ્રદાયનાં સભ્યોએ પોતાની ધાર્મિક માન્યતા પ્રમાણે કાર્યક્રમો ઉજવે કે સતપંથ સમાજના વિકાસ માટે કોઇ મિલ્કત ગામમાં ખરીદે કે ઉભી કરે તેનો કોઇ વિકાસ કરે તો વાદી ટ્રસ્ટ કે તેના અનુયાયીઓ એટલે કે લક્ષ્મીનારાયણ સમાજના આગેવાનો એ વાંધો લેવો નહીં અને જરૂર પડે સાથ સહકાર આપવો.

૫) આ કામે પક્ષકારો વચ્ચે તા. ૩૧-૦૮-૦૪ ના રોજ લખાણ થયેલ છે તેની શરતો ઉપરાંત વિશેષમાં એવું ઠરાવવામાં આવે છે કે તેમાં જણાવેલ પાટીદાર સમાજવાડી ઉપરાંત કોટડા (જડોદર) ગામની કડવા પાટીદારોની સંયુક્ત સમાજવાડી જે ગામમાં બસ સ્ટેશન પાસે, પ્રાથમિક કુમારશાળા પાછળ આવેલ છે અને જે ભુજનો ટ્રસ્ટ કચેરીએ કોટડા (જડોદર) કડવા પાટીદાર સમાજવાડી ટ્રસ્ટ રજી. નં. એ-૧૩૨૧ થી નોંધાયેલ છે. જે પણ કોટડા (જડોદર) ગામના કડવા પાટીદાર સમાજની હોઇ આ સમાધાન કોટડા (જડોદર) ગામમાં સતપંથ અને લક્ષ્મીનારાયણ સમાજ વચ્ચેનાં તમામ વિવાદોનો અંત ~~[illegible]~~ [illegible]

૬) આ કામે ગામ : કોટડા (જડોદર) તાલુકો નખત્રાણા કડવા પાટીદાર સમાજનાં લક્ષ્મીનારાયણ અને સતપંથ સંપ્રદાય વચ્ચેના વિવાદનો અંત આવી જાય છે અને તેથી તે સંજોગોમાં આ કામે પક્ષકારો વચ્ચે ચાલતા વિવાદ તે રીતે સમાધાન કરી અને તમામ પ્રકરણો પાછા એવી ખેંચી લેવાનું આથી ઠરાવવામાં આવે છે. આ કામે

FROM : CHHABHAIYA GROUP PHONE NO. : 5165759 OCT. 30 2004 11:27AM P4

પક્ષકારો એવું પણ જાહેર કરે છે કે, તા. ૩૧-૦૮-૦૪ નાં રોજ ગામ : કોટડા (જડોદરા) તાલુકો નખત્રાણા મુકામે મળેલ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની બેઠકમાં લેવાયેલ નિર્ણય અને બંને સમાજોનાં આગેવાનો ની હાજરીમાં તથા બંને સમાજોના હિતમાં લેવાયેલ નિર્ણય અને થયેલ લખાણની શરતો બંને પક્ષોએ કબુલ મંજૂર છે અને બંને પક્ષો તે રીતે જ વર્તાવ કરવાનું નક્કી કરવામાં આવે છે તથા વાદી ટ્રસ્ટે પણ સમાધાનોંધ તેનાં રેકર્ડમાં કરવાની રહેશે. આ પ્રશ્ન સાથે તા. ૩૧-૦૮-૦૪ નાં લખાણની ઝેરોક્સ પણ આ સાથે આ કામે સમાધાનનો ભાગ ગણી રજુ કરેલ છે. આ કામે થયેલ સમાધાનનો અમલ બંને પક્ષેકરવાનો રહેશે. તેમાં કસુર કરનારને સમાંધાનનો અમલ અન્ય પક્ષકાર જરૂર પડે કાયદેશરની કાર્યવાહી હાથ ધરી શકશે.

૭) આ કામે પ્રતિવાદી નં. ૧૬ ચેરીટી કમીશ્નર ફોર્મલ પક્ષકાર છે તે સંજોગોમાં તે રીતે આ કામે તેની સામે કોઈ દાદ માંગવાની નથી.

૮) આ કામે પક્ષકારો પોતાપોતાનું ખર્ચ ભોગવે. વાદીને મળતુ કાયદેશરનું કોર્ટ ફી રીફંડ વાદીનાં વકીલશ્રી ના નામે અપાય તેમાં પ્રતિવાદીને વાંધો નથી.

૯) એ રીતે પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થયેલ હોવા તે પ્રમાણે હુકમનામું કરવા માટે વિનંતી છે.

ભુજ-કચ્છ,

રજુ તા. / /૦૪

રજુ કરનાર :

વાદી

પ્રતિવાદ

વાદીના એડવોકેટ

પ્રતિવાદીના એડવોકેટ.